# જામનગર મહાનગરપાલિકા

## *સને. ૨૦૧૯–૨૦૨૦ રિવાઈઝડ અને સને ૨૦૨૦–૨૦૨૧ના ડ્રાફ્ટ અંદાજપત્ર અંગે કમિશ્નરશ્રી એસ. એ. પટેલ, આઈએએસ નું નિવેદન*

ધી ગુજરાત પ્રોવિન્સિલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ની કલમ ૯૫ હેઠળ જામનગર મહાનગરપાલિકાનું સને. ૨૦૧૯–૨૦૨૦નું રિવાઈઝડ અંદાજપત્ર અને સને. ૨૦૨૦–૨૦૨૧નું ડ્રાફ્ટ અંદાજપત્ર રજૂ કરતા હર્ષની લાગણી અનુભવું છું.

સામાન્ય રીતે એવી પૂર્વ ધારણા છે કે, કરવેરા અને લાગતો વધારવાનું પગલુ અપ્રિય છે જેનો વિરોધ નાગરિકો ધ્વારા કરવામાં આવશે. આવી ગેરસમજને કારણે કરવેરા અને લાગતો વધારવામાં નકારાત્મક વલણ જોવા મળ્યુ છે. સને. ૨૦૧૮–૨૦૧૯માં જે વધારો કરવામાં આવેલ છે. તે પણ અંદાજીત ૧૦ વર્ષ બાદ સામાન્ય એવો વધારો કરવામાં આવેલ છે.

સરકારશ્રી ધ્વારા આપવામા આવતી વિવિધ ગ્રાન્ટોની મુખ્ય શરતોમાં સેવાઓના કર અને દરમાં સુધારણા લાવવા ફરજીયાત હોય, અને દરેક સેવાઓ સ્વનિર્ભર બને તેટલા ચાર્જીસ તો લેવાવા જોઈએ. આ ઉપરાંત રાજય સરકારશ્રી / કેન્દ્ર સરકારશ્રી ધ્વારા આપવામાં આવતી વિવિધ ગ્રાન્ટોમાં ૧૦% થી લઈ ૩૦% સુધી મેચીંગ કોન્ટ્રીબ્યુશન જામનગર મહાનગરપાલિકાએ ફાળવવાનું થાય છે જે રકમ સ્વભંડોળમાંથી ફાળવવાની રહે છે.

સ્વભંડોળ આવકમાં મહેસુલી આવક અને કેપીટલ સ્વભંડોળ આવકનો સમાવેશ થાય છે. અને કેપીટલ સ્વભંડોળ આવક એ માત્ર ને માત્ર જમીન વેચાણ આધારિત નિર્ભર હોય છે. જામનગર મહાનગરપાલિકા ધ્વારા જમીન વેચાણ અન્વયે અનેક પ્રયત્નો હાથ ધરવામા આવેલ છે. પરંતુ આ પ્રયત્નોમાં સફળતાઓ નહિવત પ્રમાણમાં પ્રાપ્ત થયેલ છે.

મહેસુલી આવકને સુદૃઢ કરવા વેરા વસુલાતની અસરકારક ઝુંબેશ છેલ્લા ઘણા સમયથી જામનગર મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવેલ છે શહેરીજનો વિવિધ સુવિધાઓ માટે જે તત્પરતા દાખવે છે તેવી જ ઉદારતા કરવેરા ચૂકવવામાં દાખવે તો શહેરની સુવિધાઓ વધુ જનભોગ્ય બની શકે.

જામનગર મહાનગરપાલિકા ધ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં અંદાજીત ૧૫૦૦ કરોડ જેટલા વિકાસના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. આ કામોના મેઈન્ટેનન્સ ખર્ચનું ભારણ પણ દિન–પ્રતિદિન વધતુ જાય છે. આ ઉપરાંત જામનગર મહાનગરપાલિકાની પાણી વેરા અન્વયેની જવાબદારીઓ, લોનોના વ્યાજ, હપ્તાની જવાબદારીઓ નજર સમક્ષ રાખતા તથા મહેસુલી આવક અને મહેસુલી ખર્ચની ખાધને પહોંચી વળવા કરવેરા અને અન્ય લાગતોમાં વધારો કરવો ખુબજ જરૂરી બની રહે છે.

આપ સૌ સભાસદોના ધ્યાને મૂકવાનું કે, નર્મદા, જળસંપતિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર ધ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકા, નગર પંચાયત / ગ્રામ પંચાયત, પાણી પૂરવઠા વિભાગની યોજનાઓ જેવી સંસ્થાઓના પાણી ચાર્જ પેટે બાકી નિકળતા નાણાં એક વર્ષની અંદર છ સરખા હપ્તામાં ભરપાઈ કરવાથી કુલ બાકી પૈકી દંડનીય રકમ અને વ્યાજની રકમને માફ કરવાની વન ટાઈમ સેટલમેન્ટની યોજના તા. ૦૬–૧૨–૨૦૧૯થી જાહેર કરવામાં આવેલ છે.

જામનગર મહાનગરપાલિકાના પાણી ચાર્જ પેટે અલગ–અલગ વિભાગના નીચે મુજબની રકમો સરકારશ્રીમા ભરપાઈ કરવાની બાકી રહે છે.

(રૂા. કરોડમાં)

| ક્રમ | વિગત | મુદલ | વ્યાજ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વોટર ચાર્જીસ (જી.ડબલ્યુ.આઈ.એલ.) | 169.95 | 0.00 | 169.95 |
| ૨ | વોટર ચાર્જીસ (જામનગર સિંચાઈ વિભાગ) | 44.22 | 74.72 | 118.94 |
| ૩ | વોટર ચાર્જીસ (રાજકોટ સિંચાઈ વિભાગ) | 44.69 | 34.44 | 79.13 |
| ૪ | પાઈપ લાઈન ચાર્જીસ (જી.ડબલ્યુ.એસ.એસ.બી.) | 3.02 | 0.00 | 3.02 |
| ૫ | પોલ્યુશન ચાર્જીસ | 0.25 | 0.76 | 1.01 |
| | કુલ | 262.13 | 109.92 | 372.05 |

જામનગર મહાનગરપાલિકા આટલી માતબર રકમ છ હપ્તામા ભરપાઈ કરી શકે તેવી આર્થિક સ્થિતિ ધરાવતી નથી. પરંતુ કુલ અલગ–અલગ બાકી રકમ અન્વયે વિભાગ વાઈઝ રકમ ભરપાઈ કરવી જોઈએ.

ઉપર જણાવ્યા અનુસાર મહેસુલી ખાધને પહોંચી વળવા તથા અન્ય જવાબદારીઓ પણ સફળતાપૂર્વક નિભાવવા અને શહેરને વધુ સુવિધાસભર બનાવવા આગામી સાલના અંદાજપત્રમાં કર અને અન્ય લાગતોમા વધારો સૂચવેલ છે. જે આપ સૌ સહર્ષ સ્વીકારશો.

ગત વર્ષમાં વર્ષ ૨૦૧૯–૨૦૨૦નું અંદાજપત્ર રજૂ કરતી વખતે માળખાગત સુવિધાઓ અંતર્ગત નીચે મુજબના કામોનું આયોજન રજૂ કરવામાં આવેલ. મને જણાવતા ખૂબજ આનંદ થાય છે કે, અંદાજપત્રમાં દર્શાવેલ આયોજન ચાલુ નાણાંકીય વર્ષમાં આપણે પૂર્ણ કરી શકયા છીએ. ગત વર્ષમાં રજૂ કરેલ ચાલુ વર્ષના મહત્વકાંક્ષી પ્રોજેકટો જે મહાનગરપાલિકાએ પૂર્ણ કરેલ છે. જેમાં સૌથી અગત્યના એવા

❖ **પાણી પૂરવઠા :**

પાણી પૂરવઠા યોજના અન્વયેના આયોજન હેઠળના **રૂા. ૬૦ કરોડના** કામો હાલે ચાલુ હોય, અને કામની સમય મર્યાદામાં તમામ કામો પૂર્ણ થાય તેનુ સુનિશ્ચિત આયોજન કરવામાં આવેલ છે.

પમ્પ હાઉસ ખાતે વર્ષો જુનો ફિલ્ટર પ્લાન્ટ જે હાલે જર્જરીત હાલતમાં છે. તેને ડીસ્મેન્ટલ કરી નવી ટેકનોલોજીનો ૩૦ એમ.એલ.ડી.નો ફિલ્ટર પ્લાન્ટ તથા સ્ટોરેજ કેપેસીટી વધારવા સમ્પ બનાવવા માટે તથા જ્ઞાનગંગા ફિલ્ટર પ્લાન્ટ ખાતે અન્ડર ગ્રાઉન્ડ સમ્પ તેમજ ખિજડીયા ખાતે જુના ફિલ્ટર પ્લાન્ટનું રીનોવેશન કરવાનું કામ વિગેરે રૂા. ૧૮.૯૦ કરોડના ખર્ચે કામગીરી ચાલુ છે. જેનાથી વોટર લોસીસ ઘટશે તેમજ હૈયાત ઈન્ફ્રાસ્ટ્રકચરનું અપગ્રેડેશન થઈ શકશે.

❖ **અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ :**

- અમૃત યોજના હેઠળ શહેરના ગઢની રાંગની અંદરના જુના તથા ગીચ વિસ્તારોમા સીવર કલેકશન પાઈપ લાઈન નેટવર્ક રકમ **રૂા. ૨૪.૫૮ કરોડનું** કામ પૂર્ણ કરવામા આવેલ છે.
- ૧૪મા નાણાપંચ અન્વયે ગઢની રાંગના અંદરના વિસ્તારોમાં સીવર કલેકશન પાઈપ લાઈન નેટવર્ક અને મેઈન સીવેજ પમ્પીંગ સ્ટેશનમાં સબમર્શીબલ પમ્પો લગાવવા અંગેનું કામ આમ કુલ મળી **રૂા. ૪.૪૯ કરોડના** ખર્ચે પૂણ કરવામાં આવેલ છે.
- **પ્રગતિ હેઠળના કામો :**
  - અમૃત યોજના હેઠળ શહેરના નગરસીમ અને નવા ભળેલા વિસ્તારોમાં ભુગર્ભ ગટરના કામો તથા બેડી વિસ્તારમાં ભુગર્ભ ગટર પાઈપ લાઈન, પમ્પીંગ સ્ટેશન તેમજ રાઈઝીંગ મેઈન પાઈપ લાઈનનું કામ તેમજ શહેરમાં બાકી રહેતા મીસીંગ લીકના કામો અન્વયે અમૃત યોજના અંતર્ગત **રૂા. ૩૧.૪૪ કરોડના** કામો પ્રગતિ હેઠળ છે. જે આગામી ફેબ્રુઆરી–૨૦૨૦ સુધીમા પૂર્ણ કરવામાં આવશે.
  - ૧૪મા નાણાપંચ અન્વયે ગઢની રાંગના અંદરના વિસ્તારોમાં સીવર કલેકશન પાઈપ લાઈન નેટવર્ક અને હૈયાત નેટવર્ક સાથે જોડી શકાય તેવા વિસ્તારોમાં પાઈપ ગટરના કામો કુલ મળી **રૂા. ૩.૬૮ કરોડના** પ્રગતિ હેઠળ છે. જે આગામી સપ્ટેમ્બર–૨૦૨૦ સુધીમા પૂર્ણ કરવામા આવશે.

❖ **સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા :**

- જામનગર શહેરમાંથી નિકળતા ઘન કચરાને જામનગર રાજકોટ હાઈવે ઓવરબ્રિજ પાસેની જગ્યામાં પ્રોસેસીંગ વગર ડમ્પ કરવામાં આવે છે. હયાત ડમ્પીંગ સાઈટ પર અગાઉનો જમા થયેલ ૫૦૦૦૦ મે. ટન વેસ્ટ પ્રોસેસીંગ માટે બાયો માઈનીંગ પધ્ધતિથી ડમ્પીંગ સાઈટ પર જ પ્રોસેસ કરવાનો પ્લાન્ટ પાર્ટીશ્રી એબેલોન કલીન એનર્જી લી. ધ્વારા સ્થાપિત કરવામાં આવેલ છે. જે પ્લાન્ટ હાલે જાન્યુઆરી–૨૦૨૦ થી કાર્યરત કરવામાં આવેલ છે.
- શહેરમાં જનરેટ થતા ગાર્બેજના નિકાલ માટે જામનગર મહાનગરપાલિકા ધ્વારા વેસ્ટ ટુ એનર્જી પ્રોજેકટ અંતર્ગત પી.પી.પી. ધોરણે ગાંધીનગર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની બાજુમાં ૧૭ એકર જગ્યામાં પાર્ટીશ્રી એબેલોન કલીન એનર્જી લી. ધ્વારા પ્લાન્ટ ઉભો કરવાની કામગીરી હાલે ચાલુ છે. જે પ્લાન્ટ આગામી એપ્રિલ–૨૦૨૦ સુધીમાં કાર્યાવિન્ત થવા જશે.
- જામનગર મહાનગરપાલિકા ધ્વારા શહેરની હોટલ, રેસ્ટોરન્ટ, વાડીઓ તથા પાર્ટી પલોટોમાં જનરેટ થતા કીચન વેસ્ટ (ભીના કચરા) પ્રોસેસ કરવા પી.પી.પી. ના ધોરણે દરેડ ખાતે લાલપુર રોડ, G.S.P.C. પેટ્રોલ પમ્પ પાછળના ભાગે પાર્ટીશ્રી મેક્ષીમ એન્વાયરોમેન્ટલ એન્જીનીયરીંગ પ્રા. લી. ને કામગીરી સોંપવામાં આવેલ છે, જે પ્લાન્ટ હાલે કાર્યરત છે. તેમજ આગામી ૧ માસમાં આ પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતા બાયોગેસને ગુજરાત ગેસ પ્રા. લી. ને વેંચાણ કરવામાં આવનાર છે.
- જામનગર મહાનગરપાલિકા ધ્વારા શહેરના તમામ રહેણાંક કોમર્શિયલ વિસ્તારોમાંથી ભીનો તથા સુકો કચરો સેગ્રીગેટ કરીને ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી કરવામાં આવે છે. જેમાં પાવર લાઈન સેલ્સ એન્ડ સર્વિસ તથા ઓમ સ્વચ્છતા કોર્પોરેશનના મીનીટીપર, કોમ્પેકટર, બીન લીફ્ટર, ડમ્પર તથા રીક્ષા વિગેરે પ્રકારના નવા ૧૭૦ વાહનો મારફત શહેરના તમામ ૧૬ વોર્ડમાં આ કામગીરી નવેમ્બર–૨૦૧૯ થી શરૂ કરવામાં આવેલ છે.

❖ **હાઉસીંગ સેલ :**

- આયોજન હેઠળના સને. ૨૦૧૯–૨૦૨૦ના કામો અન્વયે ૨ બેડરૂમ, હોલ, કિચનની સુવિધાવાળા ઈ.ડબલ્યુ.એસ.–૨ પ્રકારના લાલપુર રોડ, રઘુવીર સોસયટી પાસે ૩૫૨ આવાસોની કામગીરી તેમજ ૧ બેડરૂમ, હોલ, કિચનની સુવિધાવાળા ઈ.ડબલ્યુ.એસ.–૧ પ્રકારના એમ.પી.શાહ ઉદ્યોગનગર ખાતે ૫૭૬ આવાસો મળી કુલ ૯૨૮ આવાસોની કામગીરી **રૂા. ૫૬.૮૧ કરોડના** ખર્ચે હાલ પ્રગતિમા છે. જે કામગીરી આગામી એક માસમા પૂર્ણ કરવામા આવશે.

તેમજ આયોજનના ભાગરૂપે રેલ્વે ઓવર બ્રીજ પાસે બેડી બંદર રોડ પર ઈ.ડબલ્યુ.એસ.–૧ પ્રકારના ૧૪૪ તથા ઈ.ડબલ્યુ.એસ.–ર પ્રકારના ૧ર૮ આવાસો તેમજ ઘાંચી કોલોની લાલપુર રોડ વિસ્તારમાં ઈ.ડબલ્યુ.એસ–૧ પ્રકારના ૯૬ આવાસો મળી કુલ ૩૬૮ જેટલા આવાસોની કામગીરી **રૂા. ૩૧ કરોડના** અંદાજિત ખર્ચે આગામી બે માસમાં શરૂ થનાર છે.

- આમ, જામનગર મહાનગરપાલિકા ધ્વારા શહેરના ઈ.ડબલ્યુ.એસ. તેમજ એલ.આઈ.જી. ધરાવતા લોકોને માત્ર આવાસ જ નહી પરંતુ આ સાથે ચિલ્ડ્રન્સ પ્લે એરીયા, ગાર્ડનીંગ, કેમ્પસ, એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટ, વોટર સપ્લાય તેમજ સોલાર વોટર હિટર, ભુગર્ભ ગટર, વિશાળ કવર્ડ પાર્કીંગ, લીફ્ટ, આર.સી.સી. રસ્તાઓ, કોમ્યુનીટી હોલ, ફાયર સેફટીની તમામ સુવિધા, ગેસ પાઈપ લાઈન વિગેરે જેવી તમામ આંતર માળખાકીય સુવિધા પણ તમામ આવાસ યોજનાઓમાં મળે તે રીતનું આયોજન અન્વયે અમલ કરવામાં આવેલ છે.
- વળી અંગીકાર યોજના હેઠળ આવાસોમાં રહેતા નાગરિકોને રાજય–કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ સંબંધનું માર્ગદશન પણ આપવામાં આવે છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજનાના અન્ય ઘટકો જેવા કે CLSS ક્રેડીટ લીંક સબસીડી સ્કીમમા અત્યાર સુધી કુલ પર૧૩ લાભાર્થીઓ કે જેઓએ ઘરનું ઘર મેળવવા અથવા તો આવાસ યોજનામા આવાસ મેળવવા માટે હોમ લોન લીધેલ છે તેના વ્યાજમા રૂા. ર.૬૭ લાખ સુધીની સબસીડીનો લાભ મેળવી ચૂકેલ છે.
- BLC (બેનીફીશ્યરી લીડ કન્સ્ટ્રકશન)માં પણ હાલે કામગીરી પ્રગતિમાં છે અને જેમા અત્યાર સુધી કુલ ૧૧૩ર અરજી ફોર્મસ આવેલ છે અને જેમાથી કુલ ૧૦૦૦ લાભાર્થીઓના અલગ–અલગ ૭ ડી.પી.આર. સરકારશ્રીમા મંજૂર થઈ ગયેલ છે. અને જેમાથી ૭૦૦ લાભાર્થીઓને પોતાની રીતે મકાન બનાવવા માટે લાભાર્થી દીઠ રૂા. ૩.પ૦ લાખની સહાય મંજૂર થઈ ગયેલ છે.
- નેશ્નલ અર્બન લાઈવલી હુડ મિશન અંતર્ગત નિરાશ્રીત લોકો માટે આશ્રય સ્થાન મળી રહે તે હેતુથી જામનગર શહેરના હાપા વિસ્તારમા રાજય સરકારશ્રી તેમજ કેન્દ્ર સરકારશ્રીની ૧૦૦% ગ્રાન્ટ સહાયથી રર૪ લોકોની ક્ષમતાવાળા શેલ્ટર હોમ રૂા. ૮૮ લાખના ખર્ચે તૈયાર થઈ ગયેલ છે. જેનુ લોકાર્પણ તા. ૭–૩–ર૦૧૯ના રોજ થયેલ છે. અને આ યોજના અંતર્ગત મેઈન રેલ્વે સ્ટેશન પાસે બેડી બંદર રોડ ટચ રેલ્વે ઓવર બ્રીજ પાસે ૩ર૦ ઘર વિહોણા લોકો માટેના આશ્રય સ્થાન બનાવવા માટેની કામગીરી રૂા. ૧.૬૧ કરોડના ખર્ચે આગામી બે માસમા શરૂ થનાર છે.

❖ અન્ય :

- સમગ્ર ભારતમાં સૌપ્રથમ સીંગલ પ્લેટફોર્મ ઉપર મ્યુનિસિપલ ટેક્સ અને વોટર ચાર્જીસના ચૂકવણા માટે નેટ બેંકીંગ અને ડેબીટ–ક્રેડીટ કાર્ડ ઉપરાંત ૧૮થી પણ વધુ યુ.પી.આઈ. અને વોલેટ વિકલ્પોની સુવિધા આપનાર જામનગર મહાનગરપાલિકા સમગ્ર દેશમાં પ્રથમ મહાનગરપાલિકા બનેલ છે. જામનગર મહાનગરપાલિકા ધ્વારા પ્રોપર્ટી ટેક્સ અને વોટર ચાર્જના ડિમાન્ડ બિલોમાં યુનિક અને ડાયનેમિક કયુ.આર. કોડ આપવામાં આવેલ છે જેમાં કયુ.આર. કોડ સ્કેન કરી પેમેન્ટ કરવાની સુવિધા આપવામાં આવેલ છે.

- માળખાકીય સુવિધાના કામો ઉપરાંત જામનગર મહાનગરપાલિકા ધ્વારા વર્ષ દરમ્યાન ઘનિષ્ઠ વનિકરણના ભાગરૂપે ૭૧૩૪ જેટલા વૃક્ષોનું વાવેતર કરી ૩૫૬૭૦ ચો.મી.નો ગ્રીન સ્પેસનો વધારો કરેલ છે.

- શહેરમાં અનઅધિકૃત દબાણો અન્વયેની ૮૮૦૫૧ ચો.મી. જેટલી જગ્યાઓ ખુલ્લી કરાવવામા આવેલ છે. જે જામનગર મહાનગરપાલિકાના અલગ–અલગ હેતુઓમાં ઉપયોગી થશે.

- જામનગર મહાનગરપાલિકા ધ્વારા મુખ્મંત્રી મા–અમૃતમ યોજના હેઠળ ૬૨૮૦ જેટલા બી.પી.એલ. કાર્ડ ઈશ્યુ કરવામા આવેલ છે.

- રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ ૧૪૩૫ વિધવા બહેનોને રૂા. ૨૦૦૦૦ની નાણાંકીય સહાય માટે બી.પી.એલ. કાર્ડ ઈશ્યુ કરવામાં આવેલ છે. તેમજ નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ કુલ ૧૪૪ સીનીયર સીટીઝન (વૃધ્ધ) લોકોને બી.પી.એલ. કાર્ડ કાઢી આપવામાં આવેલ છે.

- દિન–દયાલ અંત્યોદય યોજના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત સામાજીક ગતિશિલતા અને સંસ્થાગત વિકાસ માટે ૨૬૫ જેટલા સ્વસહાય જુથોની રચના કરવામાં આવેલ છે અને તેઓને રૂા. ૨૬,૫૦૦૦/–નું રિવોલ્વીંગ ફંડ ચૂકવવામા આવેલ છે.

- શહેરમાં ત્રણ નવા શહેરી આજીવિકા કેન્દ્રને મંજૂરી પ્રાપ્ત થયેલ છે. સ્વરોજગાર કાર્યક્રમ હેઠળ ૧૯૦ જેટલી અરજીઓ સ્વીકાર કરેલ છે જેમાંથી ૫૭ અરજીઓ મંજૂર કરી રૂા. ૮૫ લાખ જેટલુ ધિરાણ બેંકો ધ્વારા કરવામાં આવેલ છે.

- સ્વસહાય જુથ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૧૧૦થી વધુ સ્વસહાય જુથોને રૂા. ૧.૭૫ કરોડ જેટલુ ધિરાણ બેંક ધ્વારા અપાવી રોજગારીની તકોમાં વધારો કરવામાં આવેલ છે.

- આયોજન હેઠળના અક્ષયપાત્ર સંસ્થા ધ્વારા કેન્દ્રીયકૃત રસોડાનું કામ પ્રગતિમાં છે. જેનુ લોકાર્પણ સત્વરે કરવામાં આવશે. જેથી શહેરના પ્રાથમિક શાળાના તમામ બાળકોને ઉચ્ચ ગુણવતાવાળુ ગરમ ભોજન પ્રાપ્ત થશે.

- માન. સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી, સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના, સડક યોજના, લોકભાગીદારી યોજના અંતર્ગત રૂા. ૩૦ કરોડના ડામર / સી.સી. રોડના કામોના આયોજન અંતર્ગત અત્યાર સુધીમાં રૂા. ૨૧ કરોડના કામો પૂર્ણ કરેલ છે. તેમજ ચાલુ નાણાંકીય વર્ષના આયોજન અન્વયેના તમામ કામો રૂા. ૩૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવશે.

# : આગામી વર્ષ ૨૦૨૦–૨૦૨૧નું આયોજન :

આગામી સાલના મુખ્ય આયોજનો નીચે મુજબ છે.

**(૧) પાણી પૂરવઠા "નલ સે જલ અભિયાન" :**

શહેરમા ૧૨૮ ચો. કી.મી.ના વિસ્તારમાં અંદાજીત ૭.૫૦ લાખની વસ્તી છે, નગરજનોને દૈનિક ૧૧૦ થી ૧૧૫ MLD પાણીનો જથ્થો ૧૨ ઓવરહેડ ટાંકી તથા ૧૫ વોટર ડીસ્ટ્રીબ્યુશન પમ્પીંગ સ્ટેશનો ધ્વારા સરેરાશ માથાદિઠ ૧૨૦ થી ૧૨૫ લીટર પાણીનો જથ્થો પૂરો પાડવામાં આવે છે.

જામનગર મહાનગરપાલિકાની જુના તથા નવા સમાવિષ્ટ થયેલા તમામ વિસ્તારો મળી કુલ ૧,૬૦,૪૬૩ રેસીડન્ટ તથા મીકસ પ્રોપર્ટીઓ આવેલી છે. જયારે શહેરમાં હાલે કુલ નળ કનેકશન હેઠળ આવરી લીધેલ રેસીડેન્ટ પ્રોપર્ટીઓની સંખ્યા ૧,૧૮,૧૪૦ છે. ચાલુ સાલે કેન્દ્ર / રાજય સરકારશ્રી ધ્વારા ઘરે–ઘરે નળ ધ્વારા શુધ્ધ પાણી વિતરણ થાય તે હેતુસર "નલ સે જલ" અભિયાન હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તમામ ઘરોને નળ વાટે પાણી આપવાનું લક્ષ્ય છે. જામનગર શહેરનો બાકી રહેતો ૪૦% વિસ્તાર એટલે કે, ૪૨,૩૨૩ રેસીડન્ટ પ્રોપર્ટીઓને નળ કનેકશનથી કવરેજ કરી શુધ્ધ પાણી વિતરણ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવેલ છે. જામનગર શહેરના તમામ ઘરોને નળ કનેકશનથી આવરી લેવા માટે શહેરમાં ૧૦૦ એમ.એમ. ડાયાથી ૬૦૦ એમ.એમ. ડાયા સુધીની ૩૧૦ કિ.મી. ડી.આઈ. પાઈપ લાઈનનું ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક ઉભુ કરવાની કામગીરી માટે રૂા. ૯૫ કરોડના ખર્ચે કામ માટે ઓનલાઈન ટેન્ડરો હાલમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ નીચે મુજબના વિસ્તારોનો સમાવેશ કરવામાં આવેલ છે.

| ક્રમ | ઝોનનું નામ | વિસ્તારનું નામ |
|---|---|---|
| ૧ | ઢીંચડા | એરફોર્સ રોડ, દિગ્જામ ફાટકથી એરફોર્સ ગેઈટ થઈ ઢીંચડા ગામ સુધીના તમામ વિસ્તારો, સોસાયટીઓ તેમજ વુલનમીલ મહાકાળી સર્કલ થી માધાપર ભુંગા સુધીના તમામ વિસ્તારો. |
| ૨ | જ્ઞાનઝંગા, પમ્પ હાઉસ તથા રણજીતનગર | લાલપુર બાયપાસ ચોકડી થી હાઈવેને પેરેલલ ધોરીવાવ રોડ સુધીનો તમામ વિસ્તાર, હર્ષદ મિલની ચાલી પાછળનો પટેલ નગરી થી સાંઈબાબાના મંદિર સુધીનો તમામ નગરસીમ વિસ્તાર રણજીતનગર જી.આઈ.ડી.સી. વિસ્તાર |
| ૩ | ગોકુલનગર | ગોકુલનગર ઈ.એસ.આર. થી મીલ્ટ્રી એરીયા સુધી તેમજ ઓવરબ્રિજ થી વિજયનગર જકાતનાકા રેલ્વે ક્રોસીંગ સુધી તેમજ ખંભાળીયા બાયપાસ થઈને નાઘેડી સુધીના તમામ વિસ્તારો |
| ૪ | ગુલાબનગર તથા નવાગામ ઘેડ | ધુંવાવ પાસેના પુલથી જામનગર શહેર તરફ આવતા મેઈન રોડની બન્ને બાજુ તથા હાપા રોડ સ્ટેશન સુધી રોડની બન્ને સાઈડનો વિસ્તાર રાજમોતી ટાઉનશીપ તથા તેની પાછળનો વિસ્તાર વિભાપર રોડ, નાગેશ્વર કોલોની, વ્હોરા કોલોની, ડ્રીમ સીટી તથા નવાગામ ઘેડ પાછળ આવેલ જલારામનગર થી મેહુલપાર્ક વિગેરે રંગમતી નદીની બાજુનો વિસ્તાર |
| ૫ | સમર્પણ તથા મહાપ્રભુજીની બેઠક | મોરકંડા રોડને પેરેલલ બન્ને તરફના બાલ સ્મશાન સુધીના તમામ વિસ્તારો મહાપ્રભુજી ઈ.એસ.આર. થી ઠેબા ચોકડી તેમજ હાઈવેને પેરેલલ સામતપીર રોડ સુધીના તમામ વિસ્તારો તેમજ કાલાવડ રોડ તથા હાપા યાર્ડ રોડ વચ્ચેના તમામ વિસ્તારો ખંભાળીયા બાયપાસ ચોકડીથી નાઘેડી સુધીના ન્યુ જામનગર વિગેરે વિસ્તારો. |

**"નલ સે જલ"** અભિયાન માટે સરકારશ્રીના જી.યુ.ડી.એમ. વિભાગ ધ્વારા ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. આ કામ ડિસેમ્બર–૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. જામનગરને ટેન્કર મુકત કરી સમગ્ર શહેરમાં પાઈપ લાઈન મારફત પાણી પુરૂ પાડવામા આવશે.

વોટર વર્કસ શાખાના તમામ પમ્પીંગ સ્ટેશનોની મશીનરીઝનું એનર્જી ઓડીટ કરી રીપોર્ટ બનાવવામાં આવેલ છે. ઉકત રીપોર્ટ મુજબ બિન કાર્યક્ષમ જુના પાણીના પમ્પની જગ્યાએ વિજ બિલમાં બચત થાય તે માટે પમ્પ રીપ્લેસમેન્ટ કરવામાં આવશે. તથા વોટર ઓડીટ માટે તમામ ડેમથી મેળવવામાં આવતા પાણી વિતરણમાં ઈ.એસ.આર. સુધી વોટર લોસીસ એનાલીસીસ માટે ફલોમીટર તેમજ સેન્સર ઈન્સ્ટોલ કરી "સ્માર્ટ વોટર મેનેજમેન્ટ"નું કામ હાથ ધરવામાં આવનાર છે. જેના માટે રૂા. ૧૫ કરોડના ખર્ચે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

સમગ્ર પાણી પુરવઠા વ્યવસ્થા સંચાલન માટે સ્કાડા પ્રણાલી સ્થાપિત કરવાનું આયોજન

- તમામ વોટર સોર્સથી તમામ વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર સુધી
- ંગુણવતા, જથ્થો, પ્રેશર તથા લેવલ વિગેરે સેન્ટ્રલી મોનીટરીંગ કરી શકાશે.
- રીવર વોટર કવોલીટી મોનીટરીંગ વ્યવસ્થા મજબુત બનાવવાના આયોજનો
- રીઅલ ટાઈમ વોટર કવોલીટી મોનીટરીંગ
- એકવીફર મેપીંગ સ્ટડીને આધારે બોરીંગ / ડ્રીલીંગ ધ્વારા નવા ફેંચવેલ્સના કામો
- સમર એકશન પ્લાન અંતર્ગત ફેંચવેલ સાથે જુદા–જુદા વોટર ડિસ્ટ્રીબ્યુશનને જોડતી ટ્રાન્મીશન લાઈન નાખવાનું આયોજન જેથી આપતિના સમયે લઘુતમ માત્રામાં ફેંચવેલમાંથી પાણી મેળવી કલોરીનેશન કરી શહેરીજનોને વિતરણ કરી શકાય.
- શહેરના તમામ વિસ્તારોને તબકકાવાર વોટર મીટર હેઠળ આવરી લેવાનું આયોજન
- **એમ.ડી.પી.ઈ. મટીરીયલ**
  - વારંવાર જોવા મળતા લીકેજીસ, ગંદાપાણીની ફરિયાદો વિગેરેનું મુળભુત કારણ જી.આઈ. મટીરીયલ હોય, ઉકત તકલીફના કાયમી નિવારણરૂપે વધુ સક્ષમ તેમજ કાર્યદક્ષ એવુ એમ.ડી.પી.ઈ. મટીરીયલના ઉપયોગ અમલમાં
  - ૨૪ × ૭ પાણી પુરવઠા વ્યવસ્થામાં તમામ નળ જોડાણો માટે એમ.ડી.પી.ઈ. મટીરીયલના બનેલ નળીકાઓ તેમજ ફીટીંગ્સનો ઉપયોગ
  - શહેરમાં નેટવર્ક સુધારણાના કામો હેઠળ પણ એમ.ડી.પી.ઈ. મટીરીયલના બનેલ નળીકાઓ તેમજ ફીટીંગ્સનો ઉપયોગ.

- વોટર કવોલીટી સર્વેલન્સ **Standard Operating Procedure**
    - શહેરીજનોને IS-10500-2012 અનુસાર પાણી મળી રહે તે માટે ગુણવતા જાણવણી.
    - સ્ત્રોતથી ઘર સુધી ગુણવતા મોનીટરીંગની સઘન વ્યવસ્થા
- શહેરમાં ગેરકાયદેસર નળ જોડાણોને કાયદેસર કરી નોન મહેસુલી વોટર ઓછુ કરવાનું આયોજન.

**(૨) અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ :**

શહેરમાં ભુગર્ભ ગટર નેટવર્ક ઉભુ કરવા અત્યાર સુધીમાં ઈન્ટીગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્રોજેકટની ગ્રાન્ટ અંતર્ગત રૂા ૧૫૩.૯૫ કરોડ અને સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટ અંતર્ગત ૧૧૬.૫૬ કરોડના ખર્ચે ૭૦ એમ.એલ.ડી. કેપેસીટી એસ.ટી.પી. સીવેજ પમ્પીંગ સ્ટેશનો, રાઈઝીંગ મેઈન અને રીવર ફ્રન્ટ પાઈપ લાઈન તથા સીવર કલેકશન પાઈપ લાઈન નેટવર્ક કુલ મળી ૨૩૮ કી.મી.ના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

૭૦ એમ.એલ.ડી. કેપેસીટી એસ.ટી.પી.ના ઓપરેશન અને મેઈન્ટેનન્સની કામગીરી એજન્સીના ખર્ચે ચાલુ છે. આ એસ.ટી.પી. હાલે ૧૦૦% ક્ષમતાથી કાર્યરત છે. આ એસ.ટી.પી. ધ્વારા હાલ સુધીમા જામનગર મહાનગરપાલિકાને પ્રિમીયમ પેટે રકમ રૂા. ૨.૫૦ કરોડની આવક થયેલ છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના સને. ૨૦૧૮–૧૯ની ગ્રાન્ટ અન્વયે જામનગર શહેરની હદમા ગીચ તેમજ બાકી રહેતા વિસ્તારમા તેમજ પેકેજ–૧, ૨, ઝોન એન–૧, એન–૨ વિસ્તારોમાં બાકી રહેતા સીવર કલેકશન પાઈપ લાઈનના કામો તથા જામનગર શહેરના સીવેજ પમ્પીંગ સ્ટેશનમાં પમ્પીંગ મશીનરીઝ, મીકેનીકલ, ઈલેકટ્રીકલ આઈટમો વિગેરેનું ઓગ્મેન્ટેશન કુલ મળી રૂા. ૬૧.૭૯ કરોડના કામો.

૧૪મા નાણાપંચ અન્વયે હૈયાત નેટવર્ક સાથે જોડી શકાય તેવા વિસ્તારોમાં પાઈપ ગટર ભુગર્ભ ગટર સફાઈ અંગેના મશીનોની ખરીદી કુલ રૂા. ૩ કરોડના કામો

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના સને. ૨૦૧૯–૨૦ની ગ્રાન્ટ અન્વયે શહેરમાં નવા ભળેલા વિસ્તારોમા સીવર કલેકશન પાઈપ લાઈન નેટવર્ક તેમજ પમ્પીંગ સ્ટેશન અને રાઈઝીંગના કામ અંગે રૂા. ૭૫ કરોડની ગ્રાન્ટ ફાળવણી અંગેની દરખાસ્ત ગુજરાત શહેરી વિકાસ મિશનમા કરવામા આવેલ છે. જે હાલે સરકારશ્રીના લેવલેથી પેન્ડીંગ છે.

આ કામો પૂર્ણ થયેથી વર્ષ ૨૦૨૧–૨૨ સુધીમા બાકી રહેતી આશરે ૧,૨૫,૫૩૦ પ્રોપર્ટીઓ પૈકી આશરે ૩૨૦૦૦ પ્રોપર્ટીને ભુગર્ભ ગટર નેટવર્ક સાથે આવરી લેવામા આવશે.

**ટ્રીટેડ વેસ્ટ વોટરના રીયુઝ માટેની પ્રોત્સાહક યોજના :**

- ○ જે કોઈ ઔદ્યોગિક એકમો પ્રદુષણ ઓછુ કરે અને તે બાબત એમીશન ટ્રેડીંગ સીસ્ટમ, ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ પ્રમાણિત કરે તો ટ્રીટેડ વેસ્ટ વોટરના ભાવોમા જે તે ઔદ્યોગિક એકમોને ૫% રીબેટ આપવાનું વિચારણા હેઠળ
- ○ કૃષિ ક્ષેત્રમાં ટ્રીટેડ વેસ્ટ વોટરના રીયુઝનો ભાવ રાજય સરકારના સિંચાઈ ખાતાના ભાવોને અનુરૂપ રાખવાનું વિચારણા હેઠળ છે.
- ○ ટ્રીટેડ વેસ્ટ વોટરનો જામનગર મહાનગરપાલિકા હસ્તકના કાર્યરત વિવિધ વિભાગો / ઝોન મારફત ચાલતા પાઈપ લાઈનના કામોએ ટ્રેન્ચ રીફીલીંગ કર્યા બાદ કરવામા આવતા વોટરીંગમા રીયુઝ કરવાના ભાવ હાલના પાણીના માર્કેટ ભાવને અનુરૂપ રાખવાનું વિચારણા હેઠળ છે.
- ○ ટ્રીટેડ વેસ્ટ વોટરનો ઉપયોગ બાંધકામની કામગીરીમાં કરવા અંગેની પોલીસી તૈયાર કરવામા આવનાર છે.
- ○ ટ્રીટેડ વેસ્ટ વોટરના રીયુઝને પ્રોત્સાહિત કરવા ડ્રીમ સીટી લી., સાથે રીસાઈકલ રીયુઝ ટ્રીટેડ વોટર પ્રોજેક્ટમા ભાગીદારી.
- ○ શહેરમા આવેલ વિશાળ શૈક્ષણિક / ઔદ્યોગિક / વ્યાપારિક સંકુલોમા નોન પોર્ટેબલ ઉપયોગ માટે ટ્રીટેડ વોટરના રીયુઝ અંગેની પોલીસી તૈયાર કરવામા આવનાર છે.

**(૩) રસ્તાઓ**

માન. સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી, સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના, સડક યોજના, લોકભાગીદારી યોજના તથા આઉટગ્રોથ એરીયાની ગ્રાન્ટ અંતર્ગત રૂા. ૬૦ કરોડના ડામર / સી.સી. રોડના કામોનું આયોજન કરવામાં આવેલ છે.

**(૪) સ્વચ્છ જામનગર :**

**○ જામનગર કલીન એર પ્રોગ્રામ :**

મીનીસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ ધ્વારા નેશનલ કલીન એર પ્રોગ્રામ હેઠળ જામનગર શહેરમાં પ્રસ્થાપિત કરવા જોગ કન્ટીન્યુઅસ એર કવોલીટી મોનીટરીંગ સ્ટેશન પ્રસ્થાપિત કરવાની કામગીરીનું આયોજન. સદર સાધન જામનગર શહેરની હવાની ગુણવતાની સતત માપણી કરી લાંબાગાળાના આયોજન માટે જરૂરી માહિતી ભેગી કરવા માટે ઉપયોગી નિવડશે.

○ **૨૫ ટી.પી.ડી. ક્ષમતાનો કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટ (પીપીપી ધોરણે):**

બાંધકામ સામગ્રી, રેતી, માટી એકંદર વગેરેની પુનઃ પ્રાપ્તિ. પેવર બ્લોક, બેન્ચ અને અન્ય સામાન પ્રિ–કાસ્ટ પ્રોડકટ બનાવવાની યોજના.

**(૫) આરોગ્યની વિષયક સુવિધા :**

તમામ યુ.પી.એચ.સી. ખાતે એમ.બી.બી.એસ. ડોકટરો તથા ફાર્માસીસ્ટ, લેબટેકનીશ્યન, ફીમેલ હેલ્થ વર્કર, મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર કુલ મળીને ૧૫૭ જેટલો તાલીમી સ્ટાફ ભરતી કરવામાં આવનાર છે. જેથી શહેરમાં તમામ ૧૨ યુ.પી.એચ.સી. ખાતે આરોગ્ય સુવિધાઓ અને કવોલીટી મેનપાવરમાં વધારો થશે. સીટી ડીસ્પેન્સરીનું કામ પણ ચાલુ વર્ષમાં પૂર્ણ થશે.

**(૬) હાઉસીંગ સેલ :**

○ પ્રધાનમંત્રી આવાસ યોજનાના એફોર્ડેબલ હાઉસીંગ ઈન પાર્ટનરશીપ (એ.એચ.પી.) ઘટક હેઠળ ધોરણસર ડી.પી.આર. તૈયાર કરીને સરકારશ્રીમાં મંજૂરી માટે મોકલવામા આવશે. અને ડી.પી.આર.મંજૂર થયેથી તે પ્રમાણે ૧૪૦૪ આવાસોનું રી–ડેવલપમેન્ટ કરવાનું આયોજન છે. તેમજ જનતા ફાટક સ્લમ પોકેટનું ઈન સાઈટ ટુ ડેવલપમેન્ટ માટે અંદાજે ૧૦૬ આવાસ બનાવવાનું આયોજન છે.

**(૭) ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસનું ઓગ્મેન્ટેશન :**

○ **ઈન્ફ્રાસ્ટ્રકચર :**

હાલના હૈયાત ૩ ફાયર સ્ટેશન ઉપરાંત હાપા અને લાલપુર બાયપાસ પાસે નવા બે અતિઆધુનિક ફાયર સ્ટેશન બનાવવાનું આયોજન.

○ **સાધનો :**

આ ઉપરાંત ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ માટે નીચે મુજબના સાધનો રૂ. ૫ કરોડના ખર્ચે ખરીદ કરવાનું આયોજન.

| | | | |
|---|---|---|---|
| વોટર ટેન્ડર | – ૨ | વોટર બ્રાઉઝર | – ૨ |
| ડ્રાઈ કેમીકલ પાઉડર ટેન્ડર | – ૧ | મીની રેસ્કયુ વેન | – ૨ |
| મીની ફાયર ટેન્ડર | – ૨ | ફાયર જીપ | – ૨ |

ફાયર સ્ટાફ માટે લાઈફ ડીટેકટીંગ સિસ્ટમ, ગેસ પ્રોટેકટીવ શુટ
થર્મલ ઈમેજીંગ કેમેરા

○ **માનવ સંશાધન :**

ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ માટે મહેકમનું આયોજન

**(૮) પબ્લીક પાર્ક એન્ડ ગાર્ડન :**

- ગ્રીન સ્પેસ ડેવલપમેન્ટના કોન્સેપ્ટ અન્વયે જામનગર શહેરમાં જુદી–જુદી ૭ જગ્યાએ અંદાજે ૮૧૭૨૨ ચો.મી. જગ્યામાં અંદાજે એક લાખ વૃક્ષનું વાવેતર કરી ઘનિષ્ઠ વનિકરણ પીપીના ધોરણે ડેવલપ કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. ઘનિષ્ઠ વનિકરણ થવાથી ઓકિસજનના સ્તરમાં વધારો થવા પામશે.
- શહેરમાં બનાવવામા આવેલ ઓવર બ્રીજની નીચેના ભાગે પીયરના ફેઈસની બાજુમાં વર્ટીકલ ગાર્ડન ડેવલપ કરવાનું આયોજન છે.
- અમૃત યોજનાની ગ્રાન્ટ અંતર્ગત શહેરમાં જુદી–જુદી ૩ જગ્યાએ ગાર્ડન ડેવલપ કરવાના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ જુદી–જુદી ૪ જગ્યાએ થીમ બેઈઝ ગાર્ડન ડેવલપ કરવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

**(૯) જાહેર પરિવહન પ્રોત્સાહન :**

- જામનગર શહેરમાં જાહેર પરિવહન અંતર્ગત હાલે ૧૦ સીટી બસો કાર્યરત છે, અને સી.એમ. અર્બન બસ પ્રોગ્રામ અંતર્ગત નવી ૧૦ સી.એન.જી. બસો નેટ કોસ્ટ મોડલ અંતર્ગત ટૂંક સમયમાં કાર્યરત થનાર છે. જાહેર પરિવહનનો લોકો વધુ ઉપયોગ કરે અને અંગત વાહનોનો ઓછો ઉપયોગ થાય તથા પર્યાવરણની જાળવણી થાય તે ધ્યાને રાખી સીટી બસ સેવાઓમાં ડિસ્કાઉન્ટ અને વાર્ષિક પાસ આપવા આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે વિદ્યાર્થીઓને ફીમાં ૪૦%, દિવ્યાંગ યાત્રિઓને ૪૦%, સીનીયર સીટીઝનને ૨૫%, મહિલાને ૨૫%, અંધજન તથા સ્વાતંત્ર સેનાનીને ૧૦૦%.

- **પેડેસ્ટ્રીયન ક્રોસીંગ :**

  પેડેસ્ટ્રીયન / રાહદારીઓને રોડ ક્રોસ કરવા માટે સુગમતા રહે તે હેતુથી ઈન્ડીકેટર / ડીપર એલારામ તથા પુશ બટન સ્વીચ સાથેના પેડેસ્ટ્રીયન ક્રોસીંગ ઈન્ડીકેટરની જોગવાઈ કરવામા આવશે. તેથી રાહદારીઓને રોડ ક્રોસ કરવામા સરળતા થાય અને અકસ્માત નિવારી શકાય.

**(૧૦) ઈન્ટ્રીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસ**

- જામનગર શહેરમાં કુલ ૨૯૭ આંગણવાળી બનાવવાની થાય છે. જે પૈકી ૨૪૦ આંગણવાડીના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. મહિલા અને બાળ વિકાસ સેવા અંતર્ગત શહેરમાં તમામ આંગણવાડીના મકાનો મહાનગરપાલિકાના મકાનમાં ઉપલબ્ધ બને તેવુ ચાલુ વર્ષમાં આયોજન રાખેલ છે.

- દરેક આંગણવાડીઓ મોબાઈલ ધ્વારા કનેકટ કરી રીઅલ ટાઈમ મોનીટરીંગ સિસ્ટમ ૧૦૦% કરવાનું લક્ષ્યાંક.
- માતાઓ, કિશોરીઓ અને બાળકોના આઈ.સી.ડી.એસ.ના નેટવર્ક હેઠળ આવરી લઈ ગુજરાત સુપોષિત અભિયાન ૨૦૨૦–૨૦૨૨ હેઠળ નકકર કામગીરીનું આયોજન છે.
- ગુજરાત સુપોષણ અભિયાન હેઠળ જામનગર મહાનગરપાલિકા હેઠળના વિસ્તારના તમામ અતિકુપોષિત બાળકોને નોર્મલ રેન્જમાં લાવવાનું લક્ષ્યાંક છે.

**(૧૧) અર્બન કોમ્યુનીટી ડેવલપમેન્ટ :**

**પ્રોજેકટ આજીવિકા**

**(નેશનલ અર્બન લાઈવલી હુડ મીશન સ્કીમ હેઠળ વેન્ડીંગ માર્કેટ)**

સરકારશ્રીની એન.યુ.એલ.એમ. યોજના હેઠળની ગ્રાન્ટમાંથી એસ.યુ.એસ.વી. (સપોર્ટ ટુ અર્બન સ્ટ્રીટ વેન્ડર્સ) ઘટક હેઠળ આજીવિકા રક્ષણ માટે પ્રાથમિક સુવિધા પુરી પાડવા બાબત તથા શહેરી ફેરીયાઓ માટે પ્રાથમિક સુવિધાઓ સહિતની વેન્ડીંગ માર્કેટો બનાવવાનું તથા હૈયાત માર્કેટોના રીનોવેશનનું આયોજન.

**(૧૨) ડેવલપમેન્ટ પ્લાન એન્ડ ટાઉન પ્લાનીંગ સ્કીમસ ઓફ ધ સીટી :**

- દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના ૨૦૩૧ મુજબ જામનગર મહાનગરપાલિકાના નવા ભળેલા જાડાના વિસ્તારમા આશરે ૨૯ નવી ટી.પી. સ્કીમો બનાવવાનું આયોજન છે.
- નવા ઉપલબ્ધ વિસ્તારમાં મહાનગરપાલિકા જામનગરને નવુ ગ્રીડ રોડ નેટવર્કીંગ તૈયાર કરવામાં આવનાર છે. જેના લીધે શહેરના ટ્રાફિક નિયમન અને લોકોની સુખાકારીમા વધારો થશે.
- જામનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કુલ ૦૯ ટી.પી. સ્કીમો આવેલ છે. જેમાંથી ૪ ફાઈનલ, ૩ પ્રિલીમ અને ૨ ડ્રાફટ ટી.પી. સ્કીમોનો સમાવેશ થાય છે.
- ટી.પી. સ્કીમોના અમલીકરણ વર્ષ ૨૦૨૦–૨૦૨૧માં ઉપરોકત ૨૯ ટી.પી. સ્કીમો પૈકી જે ટી.પી. સ્કીમોને જમીન દફતર વિભાગ ધ્વારા પ્રમાણિત કરી આપવામા આવે તે ટી.પી.સ્કીમોને મુસદા રૂપ ટી.પી. સ્કીમ તરીકે સરકારશ્રીના સંલગ્ન વિભાગ તરફ મોકલવામા આવનાર છે.
- મહાનગરપાલિકાની મંજૂર થયેલ ટી.પી. સ્કીમોના વેચાણપાત્ર અને રહેણાંક તેમજ વાણિજયના વેચાણ માટે ઉપલબ્ધ પ્લોટસનું સમયાંતરે ઓનલાઈન પધ્ધતિથી પારદર્શક રીતે વેચાણ કરવામાં આવી રહયું છે.

**(૧૩) સ્કીલ ઈન્ડિયા ડેવલપમેન્ટ :**

નેશ્નલ સ્કીલ ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ જામનગર મહાનગરપાલિકા ખાતે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપવાનું આયોજન. આ સેન્ટર સ્થાપવાથી શહેરના યુવાનોને મહાનગરપાલિકા હસ્તકની પ્રજાકીય સેવાઓ બાબતેની ટ્રેનીંગ આપી તેઓના કૌશલ્યવર્ધનમાં વધારો કરી શકાશે. અને ભવિષ્યમાં રોજગારીની તકોની સાથે સાથે મહાનગરપાલિકા માટે યોગ્ય સ્ટાફ પણ મેળવી શકાશે.

**(૧૪) જાહેર સુખાકારી અને સમૃધ્ધિ અન્વયેના કામો :**

- રણમલ તળાવ ખાતે આવેલ બાલ્કનજી બારી વાળી જગ્યામાં સાયન્સ નોલેજ પાર્ક જેમાં સાયન્સ મ્યુઝિયમ, મેથ્સ, ફીઝીકસ, બાયોલોજી, એસ્ટ્રોલોજી, બાયોટેકનોલોજી વિગેરે સુવિધાઓ વિકસાવવાનું આયોજન અંદાજીત રૂા. ૫ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે. જેનાથી શહેરના વિદ્યાર્થીઓને સાયન્સ તથા જુદી–જુદી ટેકનોલોજી બાબતનું જ્ઞાન પ્રાપ્ત થશે.
- આગામી સમયમાં જામનગર શહેરમાં જુદી–જુદી ત્રણ જગ્યાએ રેલ્વે ફાટક દૂર કરી તેની જગ્યાએ રેલ્વે ઓવર બ્રીજ બનાવવા માટે પ્લાનીંગ હાથ ધરવામાં આવનાર છે. જે માટેની ડીટેઈલ સર્વેની કામગીરી હાલે ચાલુ છે.
- શહેરના નિચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા ઉપસ્થિત થતી હોય તેવા વિસ્તારોમાં ભરાયેલ વરસાદી પાણીના નિકાલની સાથે સાથે આજ વરસાદી પાણીનો ઉપયોગ જમીનના તળો, હૈયાત કુવાઓ, હૈયાત બોર વિગેરે મારફત વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમથી વરસાદી પાણીનો નિકાલ કરી તેમજ ભુગર્ભજળમાં જળસંચય શકિતમાં વધારો થાય તે માટે સ્ટોર્મ વોટર ડ્રેનેજ વીથ વોટર હાર્વેસ્ટીંગ અંદાજે રૂા. ૪૫ કરોડના ખર્ચે દરખાસ્ત રાજય સરકારશ્રીના જી.યુ.ડી.એમ. વિભાગમાં મંજૂરી અર્થે મોકલવામાં આવેલ છે.
- લાલપુર બાયપાસ ઉપર મહાનગરપાલિકા ધ્વારા લોક સુવિધાના વિકેન્દ્રીકરણ માટે સીવીક સેન્ટર અંદાજે રૂા. ૪ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. જેનાથી તે વિસ્તારના શહેરીજનોની ફરિયાદોનો નિકાલ કરવામાં આવશે.
- જામનગર શહેરમાં ધ્વારકાથી આવતા એન્ટ્રી પોઈન્ટ પર ટ્રાફિક નિયંત્રણ અને માર્ગ સલામતીના ભાગરૂપે પીપીપી ધોરણે રોટરી સર્કલ ડેવલપ કરવાનું કામ.

- જામનગર શહેરમાં આગામી સમયમાં શહેરના નાગરિકોને વધુ એક ઓડીટોરીયમ મળી રહે તે માટે ટી.પી સ્કીમ નં. ૧, ફાઈનલ પ્લોટ નં. ૯૮માં ૧૨૦૦ વ્યક્તિની શીટીંગ કેપેસીટી સાથેનું આધુનિક ઓડીટોરીયમ ડેવલપ કરવાનું આયોજન છે.
- જામનગર શહેરમાં પ્રાઈમરી અને હાયર સેકન્ડરી સ્કુલના વિદ્યાર્થીઓને વાંચનની સુવિધા પ્રાપ્ત થાય તે હેતુને ધ્યાને રાખી શહેરમાં બે અદ્યતન લાયબ્રેરી જેમાં શૈક્ષણિક અને અન્ય વાંચન સુવિધાઓ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થઈ રહે તેવુ આયોજન હાથ ધરવામાં આવેલ છે.
- સ્વચ્છ અને સુઘડ જામનગર શહેરને યથાવત રાખવા શહેરમાં આવેલ તમામ પબ્લિક ટોઈલેટને આધુનિક ટોઈલેટમાં રૂપાંતરિત કરવાનું આયોજન.
- વાલ્કેશ્વરી નગરી થી ભીમવાસ સુધી અંદાજે ૯૫૦ મી. લંબાઈમાં ફોર લેન ફલાય ઓવર બ્રીજ સર્વિસ રોડ સાથે તેમજ હેવી ટ્રાફિકવાળા ૨ જંકશન ગુરૂધ્વારા જંકશન તથા નર્મદા સર્કલને ક્રોસ કરી ભીમવાસ સુધી અંદાજે રૂા. ૬૫ કરોડના ખર્ચે ફલાય ઓવર બ્રીજ બનાવાવનું આયોજન હાથ ધરેલ છે.
- જામનગર શહેરમાં ગોકુલનગર વિસ્તારમાં સર્વે નં. ૧૫૭માં એક વધુ નવી પ્રાથમિક શાળા વિકસાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. તેમજ જુની હૈયાત પ્રાથમિક શાળાઓને રીનોવેશનની જરૂરિયાત હોય તેનુ રીનોવેશન કામ પણ હાથ ધરવામાં આવનાર છે.
- હર્ષદ મિલની ચાલી, પટેલ પાર્ક પાસે કોમન પ્લોટમાં વાલ્મીકી સમાજના લોકો માટે અંદાજે રૂા. ૮૫ લાખના ખર્ચે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન.

**(૧૫) એનર્જી એફીસીઅન્સી :**

- નવા ટી.પી.ડી.પી. રોડ સેન્ટર લાઈટીંગનું કામ
- મહાનગરપાલિકાઓની જુદી–જુદી કચેરીઓમા તેમજ ઓફિસ બિલ્ડીંગોમા રૂફ ટોપ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરવાનું કામ

**(૧૬) મીની એમ્યુઝમેન્ટ પાર્ક**

મહાનગરપાલિકાના દરેક વોર્ડમાં બાળકોના આનંદ–પ્રમોદ માટે નાની રાઈડસ સહિત મીની એમ્યુઝમેન્ટ પાર્ક પીપીપી ધોરણે ડેવલપ કરવાનું આયોજન.

**(૧૭) સી ફેસ ડેવલપમેન્ટ**

જામનગર શહેરમાં વાલસુરા રોડ, રોજી માતા મંદિર નજીક આવેલ દરિયાઈ પટ્ટી પર પીકનીક સ્પોર્ટ, બર્ડ વોચીંગ, વોટર સ્પોર્ટસ અને વોટર સ્પોર્ટસ ટ્રેનીંગ ડેવલપ કરવાનું કામ.

**(૧૮) અન્ય :**

- જામનગર મહાનગરપાલિકા બિલ્ડીંગ કેમ્પસમાં નવુ જનરલ બોર્ડ ૨૦૦ વ્યકિતની સીટીંગ કેપેસીટીવાળો અતિઆધુનિક સુવિધા સભર રૂા. ૧૫ કરોડના ખર્ચે બનાવાવનું આયોજન હાથ ધરવામાં આવશે.
- જામનગર મહાનગરપાલિકા બિલ્ડીંગ રીનોવેશન તથા જરૂરી ઈન્ટીરીયર વર્ક સાથે અંદાજે રૂા. ૧.૨૫ કરોડના ખર્ચે રીનોવેશન કરવાનું આયોજન છે.
- જામનગર મહાનગરપાકિલાના અલગ–અલગ વિભાગોનું રેકર્ડ વર્ગીકરણ અને રેકર્ડ વર્ગીકરણ આધારિત અગત્યના દસ્તાવેજોનું રેકર્ડ ડીજીટાઈઝેશન કરવાનું આયોજન.
- શહેરના સેન્ટર લાઈટીંગ વર્ક માટે નવુ હાઈડ્રોલીક ટાવર લેડર ખરીદ કરવાનું કામ.

આમ, જામનગર મહાનગરપાલિકા ધ્વારા આગામી સાલ ૨૦૨૦–૨૦૨૧ માટે હૈયાત હદ વિસ્તાર અને નવા ભળેલ વિસ્તારો, સ્લમ અને પછાત વિસ્તારો, આર્થિક રીતે પછાત વિસ્તારોમાં માળખાગત સુવિધાઓના કામો માટે કુલ **રૂા. ૩૩૭.૫૫** કરોડનું આયોજન કરવામાં આવેલ છે.

આ કામો સરકારશ્રી તરફથી મળનાર સંભવિત ગ્રાન્ટ આધારિત હોય, ગ્રાન્ટની ઉપલબ્ધિ અનુસાર ક્રમશઃ હાથ ધરવા જામનગર મહાનગરપાલિકા કટિબદ્ધ છે.

આપ સૌ સભાસદો આપના વોર્ડમાં શહેરીજનોને વેરાઓની ચૂકવણી બાબતે જાગૃત કરી વોર્ડમાં રોકાતી બાકી રકમની વસુલાત સઘન બનાવવા જરૂરી પ્રયત્નો હાથ ધરશો. જેથી આપના વોર્ડમાં પણ મોટા પ્રમાણમાં વિકાસના કામો હાથ ધરી શકાય તેમજ વોર્ડમાં શહેરીજનોને સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાય.

આપ સહુ શહેરના અગ્રગણ્ય નાગરિકો અને મારા સાથી અધિકારીઓ / કર્મચારીઓનો મને સંપૂર્ણ સહકાર મળેલ છે. તે બદલ સહુનો આભાર માનુ છું. અને મહાનગરપાલિકા સુંદર ભવિષ્યની કલ્પના સહ ધી ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ની કલમ–૧૦૧ અને ૧૦૪ અનુસાર સને ૨૦૧૯–૨૦૨૦ના વર્ષનું "રીવાઈઝડ અંદાજપત્ર" તથા કલમ–૯૫ અનુસાર સને ૨૦૨૦–૨૦૨૧ના વર્ષનું જામનગર મહાનગરપાલિકાનું આવક–ખર્ચનું "ડ્રાફટ અંદાજપત્ર" કર અને દર અંગેની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત મ્યુનિસિપલ કોર્પોરેશનની મંજૂરી માટે રજુ કરતા હું હર્ષ અનુભવુ છુ.

## વિભાગ – અ

## *સને. ૨૦૧૯–૨૦૨૦નું રીવાઈઝડ અંદાજપત્ર*

સને.૨૦૧૯–૨૦૨૦નું અંદાજપત્ર મહાનગરપાલિકાએ મંજૂર કર્યા બાદ વર્ષ દરમ્યાન સમયની તાકિદ અને સંજોગોને અનુરૂપ તાકીદના તેમજ અન્ય કામો હાથ ધરાતા અંદાજેલી ઉઘડતી સિલક સામે આવેલ ખરેખર સિલકને ધ્યાને લેતા મહેસુલી / કેપીટલ એકાઉન્ટના આવક/ખર્ચના અંદાજોમાં ખાતાઓની માંગણી મુજબ જરૂરી ફેરફાર કરી મહેસુલી / કેપીટલ ખર્ચ બાજુએ અગત્યના કામો માટે પુનઃ ફાળવણી કરવામાં આવી છે.

આમ, મહાનગરપાલિકાના સને. ૨૦૧૯–૨૦૨૦ના સુધારેલ અંદાજપત્રમાં કરવામાં આવેલ ફેરફાર અને તે મુજબ મહાનગરપાલિકાના આવક–ખર્ચ નીચે મુજબ રહેશે.

➢ **વર્ષ ૨૦૧૯–૨૦૨૦ના રીવાઈઝડ અંદાજ તરફ :**

**પત્રક – "અ"**

*(આંકડા કરોડમાં)*

| *વિગત* | *સને. ૨૦૧૯–૨૦૨૦ મંજૂર કરેલ અંદાજ* | *સને. ૨૦૧૯–૨૦૨૦ રીવાઈઝડ અંદાજ* |
|---|---|---|
| **ઉઘડતી પુરાંત** | **૧૫૪.૫૪** | **૧૯૮.૨૦** |
| (૧) મહેસુલી આવક | ૨૮૨.૭૭ | ૨૬૬.૪૦ |
| (૨) કેપીટલ સ્વભંડોળ આવક | ૩૮.૬૫ | ૧૩.૪૦ |
| (૩) કેપીટલ ગ્રાંટ આવક | ૨૪૩.૬૦ | ૨૧૦.૦૦ |
| (૪) અનામત આવક | ૫૩.૧૦ | ૪૨.૬૦ |
| (૫) એડવાન્સ આવક | ૧૩.૩૪ | ૨૭.૭૨ |
| **કુલ આવક** | **૬૩૧.૪૬** | **૫૬૦.૧૨** |
| **ઉઘડતી સિલક સહ કુલ** | **૭૮૬.૦૦** | **૭૫૮.૩૨** |
| (૧) મહેસુલી ખર્ચ | ૨૭૭.૧૬ | ૨૭૫.૫૫ |
| (૨) કેપીટલ સ્વભંડોળ ખર્ચ | ૧૫.૯૪ | ૧૫.૧૦ |
| (૩) કેપીટલ ગ્રાંટ ખર્ચ | ૨૮૦.૦૦ | ૧૪૫.૩૦ |
| (૪) અનામત ખર્ચ | ૫૨.૦૭ | ૪૨.૪૦ |
| (૫) એડવાન્સ ખર્ચ | ૧૩.૬૪ | ૨૭.૪૦ |
| **કુલ ખર્ચ** | **૬૩૮.૮૧** | **૫૦૫.૭૫** |
| **બંધ પુરાંત** | **૧૪૭.૧૯** | **૨૫૨.૫૭** |

**પત્રક – "બ"**

| (આંકડા કરોડમાં) | | |
|---|---|---|
| અંદાજપત્ર એકત્રીકરણ | | |
| વિગત | સને. ૨૦૧૯–૨૦૨૦ મંજૂર કરેલ અંદાજ | સને. ૨૦૧૯–૨૦૨૦ રીવાઈઝડ અંદાજ |
| ઉઘડતી પુરાંત | ૧૫૪.૫૪ | ૧૯૮.૨૦ |
| આવક | ૬૩૧.૪૬ | ૫૬૦.૧૨ |
| **કુલ** | ૭૮૬.૦૦ | ૭૫૮.૩૨ |
| ખર્ચ | ૬૩૮.૮૧ | ૫૦૫.૭૫ |
| **બંધ પુરાંત** | ૧૪૭.૧૯ | ૨૫૨.૫૭ |

સને. ૨૦૧૯–૨૦૨૦ના મૂળ અંદાજો અને રીવાઈઝડ અંદાજો જોઈએ તો મહેસુલી આવક અને મહેસુલી ખર્ચ મુળભૂતના અંદાજો અનુસાર રીવાઈઝડ અંદાજો પણ વાસ્તવ લક્ષી પરિણામે તે અનુસારની કાર્યવાહી મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ છે.

જયારે કેપીટલ અંદાજોમાં આવકના અંદાજોની સિધ્ધિ ૮૬% જવા થશે. જયારે કેપીટલ ખર્ચમાં મોટા પ્રોજેકટોમાં અલગ–અલગ કારણોસર વિલંબ થયેલ હોય, કેપીટલ ગ્રાન્ટ બજેટમાં ખાસો એવો ઘટાડો થઈ ૫૦% જેટલો કાપ રીવાઈઝડમાં મૂકવામાં આવેલ છે. પરંતુ તેનો મતલબ એવો નથી કે અંદાજેલ ખર્ચ અવાસ્તવિક હતો સને. ૨૦૧૯–૨૦૨૦ના તમામ મુડીકૃત કામો પ્રગતિ હેઠળ હોય, આ કામોનો ખર્ચ સ્પીલઓવર થઈ આગામી સાલે ખર્ચવામાં આવશે. ઓવરઓલ અંદાજપત્રમાં આપણે ૮૦% જેટલી સિધ્ધિ હાસલ કરી શકીશું.

**(૧) ચાલુ સાલના અંદાજો અંગે :**

ચાલુ સાલના અંદાજો કે જે તા. ૩૦–૧૧–૨૦૧૯ સુધીના ખરેખર આવક ખર્ચના આંકડાને ધ્યાનમાં રાખીને તે મુજબ સને. ૨૦૧૯–૨૦૨૦નું રીવાઈઝ અંદાજપત્ર બનાવેલ છે. સને. ૨૦૧૯–૨૦૨૦ની સાલના મંજૂર કરાયેલ અંદાજ કોલમ નં. ૬માં દર્શાવેલ છે. પ્રથમ આઠ માસમાં ખરેખર થયેલ આવક–ખર્ચના આંકડા કોલમ નં. ૭માં દર્શાવેલ છે. અને બાકીના ચાર માસના સંભવિત આવક અને ખર્ચના આંકડા કોલમ નં. ૮માં દર્શાવેલ છે. સને. ૨૦૧૯–૨૦૨૦ની સાલના રીવાઈઝડ કરવામાં આવેલ અંદાજ કોલમ નં. ૯માં દર્શાવેલ છે.

આગામી વર્ષ ૨૦૨૦–૨૦૨૧ માટે ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમ હેઠળ (૧) મહેસુલી આવક તથા ખર્ચ (૨) કેપીટલ સ્વભંડોળ આવક અને ખર્ચ (૩) કેપીટલ ગ્રાન્ટ આવક અને ખર્ચ, (૪) એડવાન્સ આવક અને ખર્ચ અને (૫) ડીપોઝીટ આવક અને ખર્ચ અંદાજપત્રનાં અંદાજ રજુ કરવામાં આવેલ છે. સને. ૨૦૨૦–૨૦૨૧ની દરખાસ્ત કોલમ નં. ૧૦માં દર્શાવેલ છે.

સને. ૨૦૧૯–૨૦૨૦ના વર્ષના અંદાજ રીવાઈઝડ નીચે મુજબ કરવામાં આવેલ છે. વધારો–ઘટાડો દર્શાવવામાં આવેલ છે.

**આવક :**

(આંકડા કરોડમાં)

| અનુ. નં. | વિગત | મુળઅંદાજ પત્ર મુજબ (ગ્રાન્ટ ટ્રાન્સફર સહિત) | રીવાઈઝ અંદાજપત્ર મુજબ | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ | ૪૦.૨૬ | ૪૦.૨૬ | | ૦.૦૦ |
| (૨) | રોકાણ પરનું વ્યાજ | ૦.૬૦ | ૧.૦૦ | ૦.૪૦ | |
| (૩) | વાહન કર. | ૪.૦૦ | ૩.૦૦ | | ૧.૦૦ |
| (૫) | મિલ્કત વેરો (રેન્ટ બેઈઝ) | ૧.૦૦ | ૧.૫૦ | ૦.૫૦ | |
| (૬) | મિલ્કત વેરો (કારપેટ) | ૫૫.૦૦ | ૪૫.૦૦ | | ૧૦.૦૦ |
| (૭) | મિલ્કત વેરો (અન્ય) | ૧૩.૧૦ | ૧૬.૬૨ | ૩.૫૨ | |
| (૮) | વ્યવસાય વેરો | ૭.૦૦ | ૫.૫૦ | | ૧.૫૦ |
| (૯) | ટાઉન પ્લાનીંગ | ૪૭.૪૪ | ૪૪.૯૫ | | ૨.૪૯ |
| (૧૦) | મીટર વાળી ઉપજ | ૧૩.૦૦ | ૧૨.૦૦ | | ૧.૦૦ |
| (૧૧) | મીટર વગરની ઉપજ | ૧૨.૫૦ | ૧૦.૦૦ | | ૨.૫૦ |
| (૧૨) | વોટર વર્કસ અન્ય | ૩.૪૫ | ૨.૨૧ | | ૧.૨૪ |
| (૧૩) | મહેસુલી ગ્રાંટ | ૪૦.૮૯ | ૪૧.૭૯ | ૦.૯૦ | |
| (૧૪) | અન્ય | ૪૪.૫૩ | ૪૨.૫૭ | | ૧.૯૬ |
| (૧૫) | કેપીટલ સ્વભંડોળ | ૩૮.૬૫ | ૧૩.૪૦ | | ૨૫.૨૫ |
| (૧૬) | કેપીટલ ગ્રાન્ટ | ૨૪૩.૬૦ | ૨૧૦.૦૦ | | ૩૩.૬૦ |
| (૧૭) | અનામત | ૫૩.૧૦ | ૪૨.૬૦ | | ૧૦.૫૦ |
| (૧૮) | એડવાન્સ | ૧૩.૩૪ | ૨૭.૭૨ | ૧૪.૩૮ | |
| | **કુલ** | **૬૩૧.૪૬** | **૫૬૦.૧૨** | **૧૯.૭૦** | **૯૧.૦૪** |

**ખર્ચ :**

(આંકડા કરોડમાં)

| અનુ. નં. | વિગત | અંદાજ પત્ર મુજબ | રીવાઈઝ મુજબ | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ | ૧૫૮.૦૮ | ૧૬૨.૨૫ | ૪.૧૭ | |
| (૨) | વહીવટી ખર્ચ | ૪.૩૪ | ૪.૫૯ | ૦.૨૫ | |
| (૩) | મરામત અને નિભાવણી | ૪૬.૬૫ | ૪૩.૨૬ | | ૩.૩૯ |
| (૪) | નકકી થયેલ પ્રોગ્રામ ખર્ચ | ૧.૧૩ | ૧.૨૬ | ૦.૧૩ | |
| (૫) | લોન વ્યાજ ખર્ચ | ૧.૫૫ | ૧.૨૭ | | ૦.૨૮ |
| (૬) | શિક્ષણ ઉપકર અને લેબર શેષ સરકારશ્રીમાં જમા | ૧૨.૬૦ | ૧૧.૭૫ | | ૦.૮૫ |
| (૭) | જાહેર શિક્ષણ ખર્ચ | ૧૪.૧૫ | ૧૩.૧૫ | | ૧.૦૦ |
| (૮) | મહેસુલી ગ્રાન્ટ ખર્ચ | ૨૭.૦૩ | ૧૮.૫૨ | | ૮.૫૧ |
| (૯) | અન્ય ખર્ચ | ૫.૪૯ | ૧૦.૪૨ | ૪.૯૩ | |
| (૧૦) | કેપિટલ ખર્ચ સ્વભંડોળ | ૧૫.૯૪ | ૧૫.૧૦ | | ૦.૮૪ |
| (૧૧) | કેપિટલ ખર્ચ ગ્રાન્ટ | ૨૮૦.૦૦ | ૧૪૫.૩૦ | | ૧૩૪.૭૦ |
| (૧૨) | એડવાન્સ | ૫૨.૦૭ | ૪૨.૪૦ | | ૯.૬૭ |
| (૧૩) | અનામત | ૧૩.૬૪ | ૨૭.૪૦ | ૧૩.૭૬ | |
| (૧૪) | મ્યુનિ. ફાળો કેપીટલ ખાતે ટ્રાન્સફર | ૬.૧૪ | ૯.૦૮ | ૨.૯૪ | |
| | કુલ | ૬૩૮.૮૧ | ૫૦૫.૭૫ | ૨૬.૧૮ | ૧૫૯.૨૪ |

**(૨) રીવાઈઝડ અંદાજોના કારણો (મુખ્ય આવકમાં વધારા–ઘટાડો) જોઈએ તો :**

(૧) <u>**પ્રોપર્ટી ટેકસ. ::–**</u>

ચાલુ વર્ષમાં **રૂા. ૬૯.૧૦** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૯ સુધીમાં કુલ આવક **રૂા. ૩૨.૭૦** કરોડની થયેલ છે. નવી હદ વિસ્તારના મિલ્કત વેરાના બિલો અન્વયે જી.આઈ.ડી.સી. ફેઈસ–૨ અને ફેઈસ–૩ તથા હાપા ઔદ્યોગિક વસાહતના મિલ્કત ધારકો ધ્વારા એમ.ઓ.યુ. તથા અન્ય મુદાઓ બાબતે નામ. હાઈકોર્ટમા કેસ કરેલ. જે કેસ મહાનગરપાલિકાની વિરૂધ્ધમા આવતા જામનગર મહાનગરપાલિકા ધ્વારા નામ. સુપ્રિમ કોર્ટમા પીટીશન દાખલ કરેલ છે જેની સુનવણી હવે પછી થવાની હોય હાલે પ્રોપર્ટી ટેકસનું કુલ બાકી લ્હેણું ધ્યાને લેતા, રીકવરીની સઘન ઝુંબેશ તથા બાકી રહેતા ટેકસ ધ્યાને રાખતા તા. ૦૧–૧૨–૨૦૧૯ થી ૩૧–૦૩–૨૦૨૦ની અંદાજીત આવક **રૂા. ૩૦.૪૨** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૯–૨૦૨૦નું કુલ રીવાઈઝડ અંદાજ **રૂા. ૬૧.૧૨** કરોડ મૂકવામાં આવેલ છે.

(૨) **<u>વ્યવસાય વેરો. ::–</u>**

ચાલુ વર્ષમાં **રૂા. ૭.૨૫** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૯ સુધીમાં કુલ આવક **રૂા. ૪.૦૯** કરોડની થયેલ છે. વ્યવસાય વેરાનું કુલ બાકી લ્હેણું ધ્યાને લેતા તથા રીકવરીની સઘન ઝુંબેશ ધ્યાને રાખતા તા.૦૧–૧૨–૨૦૧૯ થી ૩૧–૦૩–૨૦૨૦ની અંદાજીત આવક **રૂા. ૧.૧૯** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૯–૨૦૨૦નું કુલ રીવાઈઝડ અંદાજ **રૂા. ૬.૦૦** કરોડ મૂકવામાં આવેલ છે.

(૩) **<u>ટાઉન પ્લાનીંગ . ::–</u>**

ચાલુ વર્ષમાં **રૂા. ૪૭.૪૪** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૯ સુધીમાં કુલ આવક **રૂા. ૨૭.૭૫** કરોડની થયેલ છે. તા.૦૧–૧૨–૨૦૧૯ થી ૩૧–૦૩–૨૦૨૦ની અંદાજીત આવક **રૂા. ૧૭.૨૦** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૯–૨૦૨૦નું કુલ રીવાઈઝડ અંદાજ **રૂા. ૪૪.૯૫** કરોડ મૂકવામાં આવેલ છે.

(૪) **<u>એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ ::–</u>**

એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ ચાલુ સાલે નવે–૨૦૧૯ સુધીમાં **રૂા. ૯૭.૪૪** કરોડ થયેલ છે. મુળ અંદાજ મુજબ **રૂા. ૧૫૮.૦૮** કરોડ અંદાજવામાં આવેલ હતો. રીવાઈઝ અંદાજપત્રમાં **રૂા. ૧૬૨.૨૫** કરોડ અંદાજ મુકવામાં આવેલો છે. સાતમાં પગાર પંચના અમલવારીથી અંદાજમાં **રૂા. ૪.૧૭** કરોડનો વધારો સૂચવવામાં આવેલ છે.

(૫) **<u>જમીન વેચાણ અંગેની આવક. ::–</u>**

ચાલુ વર્ષે અંદાજપત્રમાં રાવળી જમીન, ટી.પી.સ્કીમની જમીન વેચાણ અને કોમર્શીયલ દુકાનની વેચાણની આવક **રૂા. ૩૮.૬૫** કરોડ અંદાજવામાં આવેલ. જે અન્વયે તા. ૩૦–૧૧–૨૦૧૯ સુધીમાં **રૂા. ૦.૧૧** કરોડની આવક થયેલ છે. ચાલુ સાલે જમીન વેચાણની પ્રક્રિયા ધ્યાને લેતા રીવાઈઝ અંદાજ **રૂા. ૧૩.૪૦** કરોડનો મુકવામાં આવેલ છે.

(૬) <u>કેપીટલ ગ્રાંટ. ::–</u>

સને. ૨૦૧૯–૨૦૨૦માં કેપીટલ ગ્રાન્ટ આવક **રૂા. ૨૪૩.૬૦** કરોડ અંદાજવામાં આવેલ, જેમાં તા. ૩૦–૧૧–૨૦૧૯ સુધીમાં ગ્રાન્ટ ના હેડે **રૂા. ૧૨૫.૬૯** કરોડ પ્રાપ્ત થયેલ છે. હવે પછી ચાર માસમાં મળનાર ગ્રાન્ટ આવકને ધ્યાનમાં રાખી રીવાઈઝડ અંદાજ **રૂા. ૨૧૦.૦૦** કરોડ મૂકવામાં આવેલ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૨૦૧૯ સુધીમાં કુલ મહેસુલી ખર્ચ **રૂા. ૧૫૬.૨૧** કરોડનું થયેલ છે અને ૨૦૧૯–૨૦૨૦ નુ રીવાઈઝડ અંદાજપત્ર મુજબ કુલ મહેસુલી ખર્ચે **રૂા. ૨૭૫.૫૫** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૨૦૧૯ સુધીમાં કુલ કેપીટલ સ્વભંડોળ ખર્ચ **રૂા. ૪.૯૫** કરોડ થયેલ છે. અને ૨૦૧૯–૨૦૨૦ નું રીવાઈઝડ કેપીટલ સ્વભંડોળ ખર્ચ **રૂા. ૧૫.૧૦** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૨૦૧૯ સુધીમાં કુલ કેપીટલ ગ્રાન્ટ ખર્ચ **રૂા. ૬૦.૨૩** કરોડ થયેલ છે. અને ૨૦૧૯–૨૦૨૦ નું રીવાઈઝડ કેપીટલ ગ્રાન્ટ ખર્ચ **રૂા. ૧૪૫.૩૦** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

: વિભાગ – બ :

## ➢ સને. ૨૦૨૦–૨૦૨૧નું ડ્રાફ્ટ અંદાજપત્ર

(આંકડા કરોડમાં)

| આવક | સને. ૨૦૨૦–૨૦૨૧ નો અંદાજ | ખર્ચ | સને. ૨૦૨૦–૨૦૨૧ નો અંદાજ |
|---|---|---|---|
| **ઉઘડતી પુરાંત** | **૨૫૨.૫૭** | | |
| (૧) મહેસુલી આવક | | (૧) મહેસુલી ખર્ચ | |
| (અ) સ્વભંડોળ આવક | ૨૦૧.૮૦ | (અ) સ્વભંડોળ ખર્ચ | ૨૭૦.૯૦ |
| (બ) ગ્રાંટ આવક | ૮૨.૧૦ | (બ) ગ્રાંટ ખર્ચ | ૨૬.૬૫ |
| (૨) કેપીટલ સ્વભંડોળ આવક | ૩૫.૨૦ | (૨) કેપીટલ સ્વભંડોળ ખર્ચ | ૧૮.૪૫ |
| (૩) કેપીટલ ગ્રાંટ આવક | ૨૨૮.૮૦ | (૩) કેપીટલ ગ્રાંટ ખર્ચ | ૩૧૯.૧૦ |
| (૪) અનામત આવક | ૪૫.૯૦ | (૪) અનામત ખર્ચ | ૪૨.૧૦ |
| (૫) એડવાન્સ આવક | ૧૪.૩૩ | (૫) એડવાન્સ ખર્ચ | ૧૨.૬૦ |
| **કુલ આવક** | **૬૦૮.૧૩** | **કુલ ખર્ચ** | **૬૮૯.૮૦** |
| **ઉઘડતી સિલક સહ કુલ** | **૮૬૦.૭૦** | **બંધ પુરાંત** | **૧૭૦.૯૦** |

કાયદાની જોગવાઈ અનુસાર અંદાજપત્ર પુરાંત દર્શાવતું હોવુ જોઈએ. અંદાજપત્ર એ કોઈ નિશ્ચિત સમયગાળામાં થનાર આવક અને ખર્ચની વાસ્તવિક પરિસ્થિતિ રજુ કરતું આયોજન નથી પરંતુ અંદાજપત્રએ નિશ્ચિત સમયગાળામાં થનાર અંદાજિત આવક અને આવકની સામે થનાર ખર્ચની વિગતો દર્શાવતુ માત્ર આયોજન જ છે. આવક તથા ખર્ચનું આયોજન અનેકવિધ પરિબળો ઉપર નિર્ભર હોય છે. અનેકવિધ પરિબળો પૈકી કોઈ એક પરિબળ પણ આયોજનથી વિરુદ્ધ પરિણમે તો તેની સીધી અસર સમગ્ર અંદાજપત્ર ઉપર પડે છે.

ચાલુ સાલના રીવાઈઝડ અંદાજપત્ર તથા આગામી સાલના અંદાજપત્રમાં પણ જુદા જુદા પરિબળો આધારિત આવક અને ખર્ચના અંદાજો સાથે પુરાંતલક્ષી અંદાજપત્ર રજુ કરવામાં આવેલ છે. આવા પરિબળો પૈકી કોઈ એક અથવા એકથી વધુ પરિબળો આવકના લક્ષ્યાંકોને વિપરિત અસર કરે તો તેની સીધી અસર ખર્ચના અંદાજો ઉપર પણ સ્વભાવિક રીતે પડે જ છે. અને અંદાજીત પુરાંતલક્ષી અંદાજપત્ર ની સામે ખાધરૂપી વાસ્તવિક પરિસ્થિતિ પરિણમી શકે છે. જે આપણે સૌએ ધ્યાને લેવું જરૂરી છે.

**અંદાજપત્ર દરખાસ્ત સને. ૨૦૨૦–૨૦૨૧ :**

સને. ૨૦૧૯–૨૦૨૦નાં રીવાઈઝ અંદાજપત્રને લક્ષમાં રાખીને સને. ૨૦૨૦–૨૦૨૧નું અંદાજપત્ર તૈયાર કરેલ છે. જેમાં મહેસુલી આવક **રૂા. ૨૮૩.૯૦** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત મહેસુલી સિલક **રૂા. ૧૯.૩૫** કરોડ ઉમેરતા કુલ **રૂા. ૩૦૩.૨૫** કરોડ થાય છે. મહેસુલી ખર્ચ **રૂા. ૨૯૭.૫૫** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે **રૂા. ૫.૭૦** કરોડની મહેસુલી બંધપુરાંત રહેશે.

## મહેસુલી આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :

(રકમ રૂા. કરોડમાં)

| અનું. નંબર | મહેસુલી આવક. | રકમ. | અનું. નંબર | મહેસુલી ખર્ચ. | રકમ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | ટેકસ આવક | ૬૧.૪૬ | (૧) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ (સ્ટાફ) | ૯૪.૩૮ |
| (૨) | ટેકસ વગરની આવક | ૧૧૨.૮૯ | (૨) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ (સફાઈ) | ૭૫.૩૦ |
| (૩) | એજ્યુકેશન શેષ, લેબર વેલ્ફેર આવક | ૧૨.૭૭ | (૩) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ(જેએમટીએસ) | ૫.૯૦ |
| (૪) | ઓકટ્રોય ગ્રાન્ટ આવક | ૪૦.૨૬ | (૪) | વહીવટી ખર્ચ | ૪.૭૩ |
| (૫) | અન્ય ગ્રાન્ટ આવક | ૪૧.૮૪ | (૫) | મરામત અને નિભાવ ખર્ચ | ૪૩.૬૬ |
| (૬) | અન્ય આવક | ૧૪.૬૮ | (૬) | મહેસુલી ગ્રાંટ ખર્ચ | ૨૬.૬૫ |
| | | | (૭) | લોન વ્યાજ ખર્ચ | ૧.૧૬ |
| | | | (૮) | એજ્યુકેશન શેષ અને લેબર વેલ્ફેર સરકારશ્રીમાં જમા | ૧૨.૭૫ |
| | | | (૯) | નકકી થયેલ પ્રોગ્રામ ખર્ચ | ૪.૩૧ |
| | | | (૧૦) | જાહેર શિક્ષણ ખર્ચ | ૧૪.૧૫ |
| | | | (૧૧) | પરચુરણ ખર્ચ | ૮.૬૯ |
| | | | (૧૨) | કેપીટલ ખાતે ટ્રાન્સફર | ૫.૮૭ |
| | કુલ..... | ૨૮૩.૯૦ | | કુલ..... | ૨૯૭.૫૫ |

## કેપીટલ સ્વભંડોળ આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :

સને ૨૦૨૦–૨૦૨૧ ના અંદાજપત્રમાં કેપીટલ સ્વભંડોળ આવક **રૂા. ૩૫.૨૦** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત સિલક **રૂા. ૨૨.૨૭** કરોડ ઉમેરતા કુલ **રૂા. ૫૭.૪૭** કરોડ થાય છે. જેમાં કેપીટલ સ્વભંડોળ ખર્ચ **રૂા. ૧૮.૪૫** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે **રૂા. ૩૯.૦૨** કરોડની કેપીટલ સ્વભંડોળની પુરાંત રહેશે.

### કેપીટલ સ્વભંડોળ

(રકમ રૂા. કરોડમાં)

| ક્રમ | કેપીટલ આવક | રકમ | ક્રમ | કેપીટલ ખર્ચ | રકમ✓ |
|---|---|---|---|---|---|
| ૧ | મહેસુલી ફાળો | ૪.૮૭ | ૧ | સામાન્ય વહિવટ | ૩.૦૦ |
| ૨ | જમીન વેચાણ | ૨૦.૦૧ | ૨ | પાણી અને ગટર વ્યવસ્થા | ૫.૭૯ |
| ૩ | દુકાનનું વેચાણ | ૧૦.૦૦ | ૩ | સેનીટેશન અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ૧.૩૭ |
| ૪ | અન્ય આવક | ૦.૩૨ | ૪ | જાહેર સુખાકારી અને સમૃદ્ધિ | ૨.૭૮ |
| | | | ૫ | શહેરી વનિકરણ | ૦.૫૭ |
| | | | ૬ | શહેરી ગરીબી નાબૂદી અને સામાજીક ઉત્કર્ષ | ૨.૭૧ |
| | | | ૭ | જાહેર શિક્ષણ | ૧.૦૬ |
| | | | ૮ | આરોગ્ય અન્ય આનુષાંગિક સેવાઓ | ૧.૧૭ |
| | કુલ | ૩૫.૨૦ | | કુલ | ૧૮.૪૫ |

**<u>કેપીટલ ગ્રાન્ટ આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :</u>**

સને ૨૦૨૦–૨૦૨૧ ના અંદાજપત્રમાં કેપીટલ ગ્રાન્ટ આવક **રૂા. ૨૨૮.૮૦** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત સિલક **રૂા. ૧૮૯.૪૮** કરોડ ઉમેરતા કુલ **રૂા. ૪૧૮.૨૮** કરોડ થાય છે. જેમાં કેપીટલ ગ્રાન્ટ ખર્ચ **રૂા. ૩૧૯.૧૦** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે **રૂા. ૯૯.૧૮** કરોડની કેપીટલ ગ્રાન્ટની બંધ પુરાંત રહેશે.

## <u>કેપીટલ ગ્રાન્ટ</u>

(રકમ રૂા. કરોડમાં)

| ગ્રાંટ આવક | રકમ | ગ્રાંટ ખર્ચ | રકમ |
|---|---|---|---|
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી–૭૮) | ૪૯.૫૦ | **૧૪મા નાણાંપંચ ની ગ્રાંટના કામો (સ્પીલ ઓવર)** | |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (સડક યોજના) | ૧૦.૦૦ | – ઈ–ગવર્નન્સ પ્રોજેકટ | ૦.૬૬ |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (ઓવરબ્રીજ) | ૪.૫૦ | – પાણી પુરવઠા ના કામો | ૧૧.૦૦ |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (આગવી ઓળખ) | ૫.૦૦ | – ભૂગર્ભ ગટર ના કામો | ૫.૪૯ |
| કેપીટલ ગ્રાંટ ઉપર મળેલ વ્યાજ | ૨.૫૦ | – એમ્બ્યુલન્સ ખરીદી | ૧.૫૦ |
| અમૃત યોજના હેઠળની ગ્રાન્ટ | ૯.૯૩ | – સીવીલ | ૩.૦૦ |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટ હેઠળ નવા ભળેલ વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો | ૫૫.૦૦ | – લાઈટ | ૬.૫૦ |
| ગુજરાત મ્યુ. ફાઈનાન્સ બોર્ડ ગ્રાંટ | ૨.૮૫ | – પ્રોજેકટ એન્ડ પ્લાનીગ | ૧.૦૦ |
| સાંસદ સભ્યશ્રી / ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ | ૩.૭૧ | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી–૭૮) ગ્રાંટ હેઠળના કામો** | |
| પ્રધાનમંત્રી આવાસ યોજનાની ગ્રાન્ટ | ૧૦.૦૦ | – વોટર વર્કસને લગત કામો | ૪.૪૦ |
| મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન ગ્રાન્ટ | ૧૦.૦૦ | – ભૂગર્ભ ગટરને લગત કામો | ૨૪.૦૦ |
| પ્રધાન મંત્રી ગૃહ યોજના અંતર્ગત લાભાર્થી ફાળો | ૩૦.૦૪ | – ઈન્ફ્રાસ્ટ્રકચર ને લગત કામો | ૪૮.૧૮ |
| મુખ્ય મંત્રી ગૃહ યોજના અંતર્ગત લાભાર્થી ફાળો | ૧.૪૦ | – સ્ટ્રીટ લાઈટને લગત કામો | ૮.૯૦ |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના – ફલાય ઓવર બ્રીજ / ઓવર બ્રીજ ગ્રાન્ટ | ૧૦.૦૦ | – કોમ્પ્યુટર | ૫.૦૦ |
| રમત –ગમત અને સાંસ્કૃતિક વિભાગ હસ્તકની ગ્રાંટ | ૧૦.૦૦ | – ફાયર | ૨.૦૦ |
| આર. એન્ડ બી. વિભાગની ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ | ૨.૦૦ | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (આગવી ઓળખ)** | ૧૦.૦૦ |

| ગ્રાંટ આવક | રકમ | ગ્રાંટ ખર્ચ | રકમ |
|---|---|---|---|
| જામનગર એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટીની ગ્રાન્ટ | ૨.૦૦ | **અમૃત યોજનાની ગ્રાન્ટના કામો** | ૧૬.૭૬ |
| લોકભાગીદારીની ગ્રાન્ટ | ૬.૦૦ | **પ્રધાનમંત્રી ગૃહ યોજના અંતર્ગત આવાસો બનાવવાના કામો** | ૨૬.૫૦ |
| પરચુરણ ગ્રાંટ | ૪.૩૭ | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના ગ્રાંટ હેઠળ ફલાય ઓવરબ્રીજ / ઓવર બ્રીજ બનાવવાનું કામ** | ૨૩.૫૦ |
| | | **પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક બનાવવાના કામો /રીનોવેશન ના કામો** | ૦.૭૫ |
| | | **નાઈટ શેલ્ટર બનાવવાનું કામ** | ૧.૦૦ |
| | | **સાંસદ સભ્યશ્રી / ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો** | ૩.૨૩ |
| | | **લોકભાગીદારી યોજના હેઠળ ના કામો –ઈન્ફ્રાસ્ટ્રકચરને લગતકામો** | ૬.૧૦ |
| | | **ગુજરાત મ્યુ. ફાઈના. બોર્ડની ગ્રાંટ હેઠળ ના કામો –ઈન્ફ્રાસ્ટ્રકચરને લગત કામો** | ૧.૦૦ |
| | | **મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન** | ૧૬.૦૦ |
| | | **ટાગોર કલ્ચરલ કોમ્પલેક્ષ અને સ્પોર્ટસ કોમ્પલેક્ષ** | ૫.૦૦ |
| | | **સીટી ડીસ્પેન્સરી** | ૩.૦૦ |
| | | **આર. એન્ડ બી. વિભાગની ગ્રાન્ટના ધારાસભ્યશ્રી ધ્વારા સૂચિત કામો** | ૨.૦૦ |
| | | **આઉટગ્રોથ એરીયા કામો** | ૫૯.૦૦ |
| | | **સડક યોજનાના કામો** | ૧૫.૧૪ |
| | | **નંદ ઘર બનાવવાના કામો** | ૨.૫૦ |
| | | **જામનગર એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી ધ્વારા સૂચિત થયેલ કામો** | ૨.૦૦ |
| | | **પરચુરણ ગ્રાંટ સામેના કામો** | ૩.૯૯ |
| **કુલ** | **૨૨૮.૮૦** | **કુલ** | **૩૧૯.૧૦** |

# : કરદરમાં સૂચવેલ વધારો :

પ્રસ્તાવનામા જણાવ્યા અનુસાર મહેસુલી ખાધને પહોંચી વળવા, સરકારી પાણી ચાર્જના બાકી દેવા ચૂકવવા, રાજય સરકારશ્રી / કેન્દ્ર સરકારશ્રીની વિવિધ સ્કીમો અન્વયે ગ્રાન્ટનું મેચીંગ કોન્ટ્રીબ્યુશન ફાળવવા તમામ સેવાઓમાં સ્વનિર્ભરતા લાવવા હૈયાત કર–દર અને ચાર્જીસમાં વધારો કરવો ખૂબજ આવશ્યક છે. ઉપરોકત તમામ પરિબળો ઘ્યાને રાખતા આગામી સાલ ૨૦૨૦–૨૦૨૧ માટે નીચે મુજબની વિગતે કરદરમાં વધારો સૂચવેલ છે.

## લઘુતમ મિલ્કત વેરાના દરોમાં વધારો :

મહાનગરપાલિકા દ્વારા તા. ૦૧–૦૪–૨૦૦૬થી ક્ષેત્રફળ આધારિત મિલ્કતવેરા પ્રથા અમલમાં મૂકવામાં આવેલ છે. એટલે કે, ૧૨ વર્ષ થયે લઘુતમ મિલ્કત વેરાના દરો યથાવત છે. આ લઘુતમ મિલ્કત વેરાના દરો સને. ૨૦૦૧ની જંત્રી આધારિત નિયત કરવામાં આવેલ જે આજના સંજોગોમાં સુસંગત ન હોય, જંત્રી મુજબના સુધારા અન્વયેનો લઘુતમ મિલ્કત વેરો નિયત કરવો જરૂરી હોય. જે અન્વયે ગત સાલમાં કરેલ દરખાસ્ત અન્વયે બીન રહેણાંક મિલ્કતોમાં લઘુતમ મિલ્કત વેરામાં વધારો મંજુર કરવામાં આવેલ જયારે રહેણાંક મિલ્કતોમાં ના–મંજુર કરવામાં આવેલ. રહેણાંક મિલ્કતો માટે લઘુતમ મિલ્કત વેરાના દરમાં વધારો સૂચવેલ છે.

| ક્રમ | | પરિબળો, પેટા પરિબળો, મિલ્કતવેરાના દરો અને લઘુતમ મિલ્કતવેરાની વિગતો | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ |
| ૧ | રહેણાંકની ઈમારતો માટે લઘુતમ મિલ્કત વેરો (મિનીમમ પ્રોપર્ટી ટેક્સ) (પ્રતિ વર્ષ) | | | |
| | (૧) | ૨૫ ચો.મી. સુધી | ૨૦૦ | ૩૮૦ |
| | (૨) | ૨૫ ચો.મી.થી વધુ અને ૩૦ ચો.મી. સુધી | ૨૫૦ | ૪૮૦ |
| | (૩) | ૩૦ ચો.મી.થી વધુ અને ૪૦ ચો.મી. સુધી | ૩૦૦ | ૬૪૦ |
| | (૪) | ૪૦ ચો.મી.થી વધુ અને ૫૦ ચો.મી. સુધી | ૪૦૦ | પરિણામ લક્ષી દર મુજબ |
| | (૫) | ૫૦ ચો.મી. થી વધુ | ૪૦૦ | પરિણામ લક્ષી દર મુજબ |
| ૨ | બિનરહેણાંક ઈમારતો માટે લઘુટંમ મિલ્કત વેરો (મિનીમમ પ્રોપર્ટી ટેક્સ) (પ્રતિ વર્ષ) | | | |
| | (૧) | ૧૫ ચો.મી. સુધી | ૭૦૦ | પરિણામ લક્ષી દર મુજબ લઘુતમ ૭૦૦ |
| | (૨) | ૧૫ ચો.મી.થી વધુ અને ૩૦ ચો.મી. સુધી | ૯૫૦ | પરિણામ લક્ષી દર મુજબ લઘુતમ ૯૫૦ |
| | (૩) | ૩૦ ચો.મી.થી વધુ | ૧૨૫૦ | પરિણામ લક્ષી દર મુજબ લઘુતમ ૧૨૫૦ |

**(૨) ક્ષેત્રફળ આધારીત પ્રોપર્ટી ટેક્સનાં મંજુર થયેલ નિયમોમાં મિલ્કત વેરાનાં નિર્દિષ્ટ દરમાં સુધારો કરવા બાબત.**

ગુજરાત એકટ નં.૩/૧૯૯૯થી ધી જી.પી.એમ.સી. એકટ–૧૯૪૯માં આમેજ કરવામાં આવેલ કલમ–૧૪૧(બી)ની પેટાકલમ–(૪) અનુસાર સદરહુ મંજુર થયેલા નિયમોમાં રહેણાંક તેમજ બિનરહેણાંક મિલ્કતોનાં નિર્દિષ્ટ દર નિયત કરવા માટે કલમ–૧૪૧(બી)ની પેટાકલમ–(૨), (૩), (૪) અને (૫) અનુસાર વધારવામા આવશે અથવા ઘટાડવામા આવશે અથવા વધારવામાં આવશે નહિ અથવા ઘટાડવામાં આવશે નહિ. જે મુજબ રહેણાંક મિલ્કતો માટે લઘુતમ રૂ.૧૦/– અને મહતમ રૂ.૪૦/– તેમજ બિનરહેણાંક મિલ્કતો માટે લઘુતમ રૂ.૨૦/– અને મહતમ રૂ.૮૦/– મિલ્કત વેરાનો દર નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. આ દર એ અધિનિયમની કલમ–૧૪૧(બી)(૩) મુજબ મહતમ અને લઘુતમ પરિણામી દરો સબંધમાં ઉકત સંદર્ભ–(૩)નાં ઠરાવથી મંજુર થયેલ છે. આ ઠરાવથી જામનગર મહાનગરપાલિકા ધ્વારા ક્ષેત્રફળ આધારીત મિલ્કત વેરાનાં નિયમો અન્વયે મિલ્કત વેરાની ગણતરી માટેનાં અલગ–અલગ પરિબળો જેમ કે સ્થળ પરિબળ, ઉંમરનું પરિબળ, ઈમારતનાં ઉપયોગ / વપરાશનું પરિબળ, ઈમારતનાં પ્રકારનું પરિબળ, ભોગવટાનું પરિબળ ધ્યાને લઈ મિલ્કત વેરાનાં નિર્દિષ્ટ દરને ગુણીને વેરાનો આખરી દર આકારવામાં આવે છે અને ઈમારતોનાં સબંધમાં વસુલવાના થતા આખરી વેરાની રકમ ઉપર મુજબનાં મેળવેલ વેરાનાં આખરી દરથી ઈમારતનાં કારપેટ એરીયાને ગુણીને નકકી કરવામાં આવે છે.

મુળભૂત નિયમો અન્વયે જામનગર મહાનગરપાલિકા ધ્વારા આ આખરી વેરાનાં દરને પરિણામલક્ષી દર ગણવા મંજુરી મેળવેલ છે. જેના હિસાબે ધી જી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ની કલમ–૧૪૧(ખ)ની પેટાકલમ–૩(ખ) અનુસાર આખરી વેરાનો દર હાલનાં કિસ્સામાં રહેણાંક મિલ્કતો માટે મહતમ દર રૂ.૪૦/– અને બિનરહેણાંક મિલ્કત માટે રૂ.૮૦/– સીમીત થઈ જાય છે એટલે કે જામનગર મહાનગરપાલિકા ધ્વારા ક્ષેત્રફળ આધારીત મિલ્કત વેરા વસુલાત માટે અલગ–અલગ પરિબળોનું કોઈ જ મૂલ્ય રહેવા પામતુ નથી. કારણકે, મહાનગરપાલિકા ધ્વારા મિલ્કત વેરાના દરો એ પરિણામલક્ષી દર તરીકે મંજૂર કરાવવામાં આવેલ છે.

ગુજરાત રાજયનાં અન્ય ૭ (સાત) મહાનગરપાલિકાનાં ક્ષેત્રફળ આધારીત મિલ્કત વેરાનાં મંજુર થયેલ નિયમોનો અભ્યાસ કરતાં કોઈપણ મહાનગરપાલિકામાં પરિણામલક્ષી દર બાબતેનો ઉલ્લેખ થયેલ નથી. અન્ય દરેક મહાનગરપાલિકામાં સૂત્ર (ફોર્મ્યુલા) મુજબનો જે દર આવે તે દર એ મિલ્કત વેરાનો આખરી દર ગણવામાં આવે છે.

કલમ–૧૪૧(બી)માં રહેણાંક તેમજ બિનરહેણાંક મિલ્કતો માટે મિલ્કત વેરાનાં નિર્દિષ્ટ દરો રાજય સરકારશ્રી ધ્વારા નિયત કરવામાં આવેલ છે. આ જ કલમ હેઠળ ક્ષેત્રફળ આધારીત મિલ્કત વેરાનાં અન્ય પરિબળો અનુસાર મિલ્કત વેરો વસુલ કરી શકાશે તે અનુસારનું નિર્દિષ્ટ થયેલ છે. કલમ–૧૪૧(બી)ની પેટાકલમ–(૨)માં દર્શાવ્યા અનુસાર '૪૦ ચો.મી.થી વધુ કારપેટ એરીયા ધરાવતી ન હોય તેવી રહેણાંક મિલ્કતો માટે વેરાનો નિર્દિષ્ટ દર અન્ય રહેણાંક મિલ્કતો કરતા ઓછો હોવો જોઈશે'

કાયદામાં સ્પષ્ટ દર્શાવેલ હોવા છતાં પણ જામનગર મહાનગરપાલિકા ધ્વારા તમામ મિલ્કતોમાં આ નિયમ લાગુ પાડવામાં આવેલ છે, જેના હિસાબે જામનગર મહાનગરપાલિકાની વર્ષે કરોડો રૂપિયાનું ટેકસનું નુકસાન થવા જાય છે.

જામનગર મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાવેલ અર્થઘટન મહતમ અને લઘુતમ પરિણામીદરો સબંધમાં કરાવવામાં આવેલ છે તે રદ કરવા અને તમામ મિલ્કતોમાં ફોર્મ્યુલા મુજબ પ્રાપ્ત થતો વેરાનો દર અમલી કરવા ઉપરોકત પરિણામી દર મુજબની વસુલાતની કામગીરી રાજય સરકારશ્રી ધ્વારા આખરી મંજુરી મળ્યા બાદ જ અને સરકારશ્રીનાં અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ થયા બાદ જ નાણાંકીય વર્ષ ૨૦૨૦–૨૦૨૧થી એટલે કે તા. ૦૧–૦૪–૨૦૨૦થી અમલમાં મુકવાના રહેશે અને ત્યારબાદ જ તે પ્રમાણે મિલ્કત વેરો વસુલ કરવાનો રહેશે.

**(જી) ક્ષેત્રફળ આધારીત પ્રોપર્ટી ટેકસનાં મંજુર થયેલ નિયમોમાં રહેણાંક સિવાયની ઈમારતો માટે ઉપયોગ / વપરાશનાં પરિબળનાં નિયત થયેલ ભારાંકમાં સુધારો કરવા બાબત.**

જામનગર શહેરમાં વસવાટ સિવાયની મિલ્કતો કે જેનો જુદા જુદા પ્રકારે ઉપયોગ / વપરાશ થાય છે. જે મુજબ ઉકત સંદર્ભિત નિયમો અનુસાર બિનરહેણાંક મિલ્કતોનાં ઉપયોગ / વપરાશ મુજબ તેનાં ભારાંક નિયત કરી ટેકસ વસુલાત કરવામાં આવે છે.

જામનગર શહેરમાં સમાવિષ્ટ રહેણાંક સિવાયની મિલ્કતો માટે ક્ષેત્રફળ આધારીત પ્રોપર્ટી ટેકસનાં મંજુર થયેલા નિયમો અનુસાર મિલ્કતોનાં ઉપયોગ / વપરાશનું પરિબળ (ટાઈપ ઓફ યુસેઝ ફેકટર)નાં નિયત થયેલ ભારાંક વધારવો આવશ્યક હોય, નીચે મુજબની વિગતોએ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ રહેણાંક સિવાયની ઈમારતો માટેનાં ઉપયોગ / વપરાશનાં પરિબળ (ટાઈપ ઓફ યુસેઝ ફેકટર)માં નીચે મુજબનો સુધારો કરવા દરખાસ્ત કરવામાં આવે છે.

| ક્રમ | ટાઈપ ઓફ યુસેઝ ફેકટરની વિગત | મંજુર થયેલા નિયમો અન્વયે હાલના ભારાંક | મંજુર થયેલા નિયમો અન્વયે સૂચિત ભારાંકની કમિશનરશ્રીની દરખાસ્ત |
|---|---|---|---|
| (૧) | NT1- વાણિજય હેતુઓ માટે | ૪.૦૦ | ૭.૦૦ |
| (૨) | NT2- દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો વિગેરે માટે | ૩.૦૦ | ૬.૦૦ |
| (૩) | NT3- ઔદ્યોગિક ઈમારતો માટે (ફકત પ્રોડકશન અને પ્રોસેસીંગ કરતા એકમો) | ૧.૬૦ | ૨.૦૦ |
| (૪) | NT4- શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓની ઈમારતો માટે | ૦.૫૦ | ૨.૦૦ |
| (૫) | NT5- સેવાકીય હેતુની ઈમારતો માટે | ૦.૨૫ | ૦.૨૫ |
| (૬) | NT6- ધાર્મિક ઈમારતો, સ્મારકો અને જામનગર મહાનગરપાલિકાની ઈમારતો માટે | ૦.૦૦ | ૦.૦૦ |

## કન્ઝર્વન્સી એન્ડ સીવરેજ ટેકસમાં વધારો :

| ક્રમ | વિગત | હાલનાં દર | | કમિશનરશ્રીને સૂચવેલ દર | |
|---|---|---|---|---|---|
| | | રહેણાંકની ઈમારતો માટે | રહેણાંક સિવાયની ઈમારતો માટે | રહેણાંકની ઈમારતો માટે | રહેણાંક સિવાયની ઈમારતો માટે |
| ૧. | મિલ્કત વેરાની વાર્ષિક રકમનાં | ૫% (મીનીમમ રૂ.૧૦૦/–) | ૫% (મીનીમમ રૂ.૨૦૦/–) | ૫% (મીનીમમ રૂ.૨૦૦/–) | ૫% (મીનીમમ રૂ.૪૦૦/–) |

## વ્હીકલ ટેકસમાં વધારો :

વ્હીકલ ટેકસમા ફિકસ ચાર્જની જગ્યાએ વાહનની કિંમત ઉપર અમલમાં મૂકેલ પધ્ધતિથી વ્હીકલ ટેકસનું રેશ્નલાઈઝેશન થયેલ છે. અન્ય મહાનગરપાલકાની સમકક્ષ વ્હીકલ ટેકસ રાખવા વધારો સૂચવેલ છે.

| | |
|---|---|
| બિનયાંત્રિક વાહનો માટે આજીવન વાહનકરનો દર – 'શૂન્ય' (કરમુકત)<br><br>યાંત્રિક વાહનો માટે આજીવન વાહનકરનો દર (રૂ.૧,૦૦,૦૦૦/– સુધીની કિંમતનાં વાહનો માટે) – બેઝીક પ્રાઈઝ + જી.એસ.ટી.ની રકમનાં ૧% લેખે અને રૂ.૧,૦૦,૦૦૦/– થી ઉપરની રકમ માટે – બેઝીક પ્રાઈઝ + જી.એસ.ટી.ની રકમનાં ૨% લેખે | બિનયાંત્રિક વાહનો માટે આજીવન વાહનકરનો દર – 'શૂન્ય' (કરમુકત)<br><br>યાંત્રિક વાહનો માટે આજીવન વાહનકરનો દર (રૂ.૧,૦૦,૦૦૦/– સુધીની કિંમતનાં વાહનો માટે) – બેઝીક પ્રાઈઝ + જી.એસ.ટી.ની રકમનાં ૧.૫% લેખે અને રૂ.૧,૦૦,૦૦૦/– થી ઉપરની રકમ માટે – બેઝીક પ્રાઈઝ + જી.એસ.ટી.ની રકમનાં ૨.૫% લેખે |

## "ભૂગર્ભ ગટર હાઉસ કનેકશન ચાર્જ"માં સૂચિત વધારો :

| ક્રમ | વિગત | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | રેસીડેન્ટ | રૂા. ૭૦૦ | રૂા. ૧૦૦૦ |
| (૨) | નોન રેસીડેન્ટ | રૂા. ૧૮૦૦ | રૂા. ૨૦૦૦ |

## વોટર ચાર્જીસમાં સૂચિત વધારો :

| ક્રમ | કર–દર–ચાર્જીસનું નામ | હાલના કર દર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર | નિયત થયેલી કેટેગરી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **(બી)** | **મીટર વગરના કનેકશનો માટે પાણી દર :–** | | | |
| ૧ | મ્યુનિ. હદમાં ઘર વપરાશમાં, છ આની કે તેની નીચેની સાઈઝમાં ફીકસ નળ કનેકશન લેવાનું રહેશે. જે હાઈરાઈઝ અને લોરાઈઝ બિલ્ડીંગમાં હયાત કનેકશનો હોય તેને મીટર કનેકશનમાં કન્વર્ટ કરવાના રહેશે. જુના ફીક્સ કનેકશનો મીટરમાં કન્વર્ટ કરવાની પ્રક્રિયા હાથ ઉપર છે. જે સત્વરે પૂર્ણ કરવામાં આવશે. | રૂા. ૧૦૫૦ | રૂા. ૧૨૫૦ | $RT_1$ to $RT_5$ |
| ૨ | મ્યુની. હદમાં આવેલ માન્ય સ્લમ વિસ્તારમાં ઘર વપરાશ, છ આની કે તેની નીચેની સાઈઝમાં ફીકસ નળ કનેકશન માટે | રૂા. ૫૦૦ | રૂા. ૬૫૦ | |

## સોલીડ વેસ્ટ કલેકશન ચાર્જ:

સફાઈ પાછળ વહન કરવાના થતા ખર્ચમાં કાયમી અને અવેજી કામદારોના પગાર ખર્ચ, ઘનકચરા નિકાલ ખર્ચ, વાહન ખર્ચ વિગેરેમાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે. છેલ્લા બે વર્ષમાં સફાઈ પાછળ મહેસુલી ખર્ચ જોઈએ તો સને. ૨૦૧૭–૨૦૧૮માં રૂા. **૬૨.૬૦** કરોડ અને સને. ૨૦૧૮–૨૦૧૯માં રૂા. **૭૧.૪૦** કરોડ થયેલ છે. જેની સામે સોલીડ વેસ્ટ કલેકશન ચાર્જની આવક સને. ૨૦૧૭–૨૦૧૮માં રૂા. **૧.૫૩** કરોડ અને સને. ૨૦૧૮–૨૦૧૯માં રૂા. ૧.૭૯ કરોડ થયેલ છે. સને ૨૦૧૯–૨૦૨૦માં રીવાઈઝડ ખર્ચ રૂા. **૮૫.૦૦** કરોડ થવા જશે અને સને ૨૦૨૦–૨૦૨૧ માં ખર્ચ રૂા. **૯૦.૧૪** કરોડ થવા જશે. આ આંકડા ઉપરથી જ ફલિત થાય છે કે, મહાનગરપાલિકાએ આ ચાર્જમાં વધારો સુચિત કરવો જોઈએ.

| ક્રમ | વિગત | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | (૧) રહેણાંક | રૂા.૨૫/– પ્રતિ માસ | રૂા.૩૫/– પ્રતિ માસ |
| | (૨) બિનરહેણાંક | રૂા.૫૦/– પ્રતિ માસ | રૂા.૬૦/– પ્રતિ માસ |
| | (૩) ઈન્ડસ્ટ્રીયલ | રૂા.૭૫/– પ્રતિ માસ | રૂા.૮૫/– પ્રતિ માસ |

➢ **કરદરમાં સૂચવેલ ફેરફારો / વધારો મંજૂર થયેથી મ્યુનિ. આવકમાં અંદાજે નીચે મુજબ વધારાની આવક હેડવાઈઝ મળશે. તે મુજબ સને. ૨૦૨૦–૨૦૨૧ના આવકના અંદાજમાં ઉમેરવાની થશે.**

| ક્રમ | હેડ | અંદાજે વધારો |
|---|---|---|
| ૧. | પ્રોપર્ટી ટેક્સ | રૂા. ૧૫.૦૦ કરોડ |
| ૨. | વોટર ચાર્જ | રૂા. ૨.૦૦ કરોડ |
| ૩. | ભુગર્ભ ગટર હાઉસ કનેકશન ચાર્જ | રૂા. ૦.૧૫ કરોડ |
| ૪. | સોલીડ વેસ્ટ કલેકશન ચાર્જ | રૂા. ૧.૦૦ કરોડ |
| ૫. | વ્હીકલ ટેક્સ | રૂા. ૦.૭૫ કરોડ |
| | **કુલ** | **રૂા. ૧૮.૯૦ કરોડ** |

➢ **સૂચનો :**

(૧) ઈ–ગવર્નન્સ અંતર્ગત એફ.એ.એસ. મોડયુલ તૈયાર થઈ રહયું છે, જે માર્ચ–૨૦૨૦ અંતિત પૂર્ણ થવાનું હોય. આગામી સાલથી હાથ ધરવાના થતા તમામ કામોનો પ્રોજેકટ કોડ એકાઉન્ટ શાખામાંથી ફરજીયાત મેળવવાનો રહેશે. તમામ અંદાજપત્ર એફ.એ.એસ. મોડયુલમાં લાઈવમાં મૂકવામાં આવેલ હોય, તમામ પ્રકારના બિલો મોડયુલમાંજ બનાવવાના રહેશે. જો બિલોમાં કોઈપણ સુધારો–વધારો કરવાનું ખાતાકીય લેવલે કે ઓડીટ લેવલે સૂચન થાય તો સૌપ્રથમ પ્રોજેકટ સુધારી અને ઓનલાઈન કમ્પ્યુટરમાં સુધારો કરવાનો રહેશે. મેન્યુઅલી સુધારો કરવાનો રહેશે નહીં. ઓડીટ શાખાએ પણ ઉકત મેન્યુઅલી સુધારો થયેલ હોય તેવા બિલો પાસ કરવાના રહેશે નહીં.

(૨) રીવાઈઝ અંદાજપત્રમાં મૂકવામાં આવેલ અને આગામી વર્ષના અંદાજપત્રમાં મૂકવામાં આવેલ ખર્ચ જોગવાઈ ને આધીન જ કામો કરવાના રહેશે જે કંઈપણ ખર્ચની દરખાસ્તો કમિશ્નરશ્રી લેવલે અને સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ કરવામાં આવે તેમાં અંદાજપત્રીય જોગવાઈ, થયેલ ખર્ચ, બચત ગ્રાંટ ની વિગતો સહ દરખાસ્તો રજુ કરવાની રહેશે.

(૩) કોઈપણ કામના વર્ક ઓર્ડર આપતા પહેલા ગ્રાન્ટ ઉપલબ્ધી અંગેનુ એન.ઓ.સી. એકાઉન્ટ શાખામાંથી ફરજીયાત મેળવવાનું રહેશે.

(૪) તમામ શાખાઓએ લાગુ પડતા રાજય/કેન્દ્ર સરકારશ્રીના તમામ ટેકસીસ જેવા કે, જી.એસ.ટી., ઈન્કમ ટેકસ, ટી.સી.એસ., ભવિષ્યમાં લાગુ થનાર અન્ય ટેકસ, લેબર શેષ, કેરણ વેસ્ટ ચાર્જ વિગેરે ટેકસીસ શાખાએ ફરજીયાત ઉઘરાવવાના રહેશે. અન્યથા શાખા અધિકારી / કન્ટ્રોલીંગ અધિકારીની જવાબદારી રહેશે.

(૫) મહાનગરપાલિકા દ્વારા કોન્ટ્રાકટર / વેન્ડર રજીસ્ટ્રેશન ઓનલાઈન મૂકવામા આવેલ છે. દરેક કોન્ટ્રાકટર / વેન્ડર ફરજીયાત રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. ત્યારબાદ જ કોન્ટ્રાકટર / વેન્ડરનું લેજર એકાઉન્ટમાં ખોલવામાં આવશે.

(૬) એમ્પ્લોઈ પ્રોવિડંટ ફંડ એન્ડ મીસેલીનીયસ એકટ ૧૯૫૨ અનુસાર પ્રિન્સીપલ એમ્પલોયર તરીકે કોન્ટ્રાકટરના કામદારોની ઈ.પી.એફ. કોમ્પ્લાયન્સની જવાબદારી જામનગર મહાનગરપાલિકાની રહે છે. આથી તમામ બ્રાન્ચ અધિકારીએ કોન્ટ્રાકટરના કામદારોની વેતન ચૂકવણી અને ઈ.પી.એફ. કોમ્પલાયન્સ ફરજીયાતપણે ચેક કરવાના રહેશે. આ બાબતે જણાયેલ ક્ષતિ અને ભવિષ્યે થતી જવાબદારી જામનગર મહાનગરપાલિકા ભોગવશે નહીં અને જે તે બ્રાન્ચ અધિકારીની નિયત કરવામાં આવશે.

(૭) રૂા. ૧૦૦૦થી ઉપરના તમામ બિલોનું ચુકવણુ ઓનલાઈન કરવાનુ ફરજીયાત બનાવેલ હોય, આવા રૂા. ૧૦૦૦થી ઉપરના તમામ બિલોમાં પાર્ટીનું પુરૂ નામ(બેંક ખાતામાં દર્શાવેલ હોય તે મુજબ), પાન કાર્ડ, બેંક એકાઉન્ટ નંબર (પુરા ડીજીટમાં), આઈ.એફ.એસ.સી. કોડ, માઈકર કોડ, બેંકનું નામ તથા બ્રાન્ચની વિગતો સ્પષ્ટ પૂરી પાડવાની રહેશે. અન્યથા આવા બિલોનું ચૂકવણુ કરવામાં આવશે નહીં. ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર આધાર બેઈઝથી પેમેન્ટ કરવાનું થતું હોય, કર્મચારીઓ અને લાભાર્થીઓના આધાર નંબર ફરજીયાત માસ્ટરમાં અપડેટ કરવાના રહેશે.

(૮) આવક કરતી તમામ શાખાએ નિયત થયેલ અંદાજપત્ર કોડ અને એકાઉન્ટ કોડ ઉપર જ પહોંચ કઢાવવાની રહેશે. જો આ બાબતે કોઈ વિસંગતતા જણાય તો એકાઉન્ટ શાખામાં સંપર્ક કરવાનો રહેશે.

(૯) જામનગર મહાનગરપાલિકાનું કેપીટલ સ્વભંડોળ અંદાજપત્ર માત્રનેમાત્ર જમીન વેચાણની આવક ઉપર આધારીત હોય, સ્વભંડોળના કામો અન્વયે જમીન વેચાણથી થયેલ ઉપજની ઉપલબ્ધી અનુસાર સ્વભંડોળના કામો હાથ ધરવાના રહેશે.

(૧૦) આવશ્યક અને ઈમરજન્સી કામો અન્વયે જે કંઈપણ દરખાસ્ત કમિટી સમક્ષ કરવામાં આવે તે કામ અંગે અંદાજપત્રમાં ગ્રાંટ ઉપલબ્ધ ન હોય તો તેવા સંજોગોમાં કામના ખર્ચ મંજુરીની સાથે ગ્રાંટ ટ્રાન્સફર ની દરખાસ્ત પણ સાથે જ કરવાની રહેશે.

ઉપરોકત હકીકતે ધી ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશનએકટ–૧૯૪૯ની કલમ–૯૫, ૯૯, ૧૨૭ હેઠળ રીવાઈઝડ કરવામાં આવેલ અંદાજો નજર સમક્ષ રાખી **<u>સને.૨૦૨૦–૨૦૨૧નાં વર્ષનું અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે.</u>** જે સ્ટેન્ડીંગ કમિટી મારફત જનરલ બોર્ડની મંજુરી મેળવવા માટે આ સાથે હું રજૂ કરૂ છું.

**જામનગર.**
**તા.: ૩૧/૦૧/૨૦૨૦**

**(એસ. એ. પટેલ)**
આઈ એ એસ
કમિશ્નર.
જામનગર મહાનગરપાલિકા